| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | | | |
| નોંધ્યા તારીખ | : | | | |
| ફેંસલ તારીખ | : | | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**આંકઃ**

# આણંદના સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં, મુ.આણંદ.

**સેશન્સ કેસ નં.૧૫૧/૨૦૧૭**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રુ દ્ધ**

**આરોપીઓઃ**
૧. જીતુભાઈ ડાહ્યાભાઈ પરમાર
૨. કલ્પેશભાઈ ભરતભાઈ સોલંકી
૩. કેતનભાઈ ચંદુભાઈ સોલંકી
૪. કિરણભાઈ શનાભાઈ સોલંકી
૫. રાજેશ ઉર્ફે રાજુભાઈ રણછોડભાઈ ઉર્ફે ગોતાભાઈ સોલંકી
૬. મેહુલભાઈ મોહનભાઈ સોલંકી
તમામ રહે. સુંદણ, તા.જિ.આણંદ.

**તહોમતઃ** ઈ.પી. કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૩૨૫ મુજબ.

**ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એન.પટેલ.**
**આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી આર.ટી.શાહ/ડી.એસ. શાહ.**

## ॥ ચુ કા દો ॥

(૧) આ કામના આરોપીઓ વિરુદ્ધ ઈ.પી. કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૩૨૫ મુજબના ગુનાનું તહોમત છે.

(૨) બનાવની ફરિયાદ જયસિંહ છત્રસિંહ રાજે તા.૫–૬–૨૦૧૭ ના રોજ આંકલાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર રૂબરૂ નોંધાવી છે જે આ કામે આંકઃ ૩૫ થી રજૂ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીના ગામમાં મહાકાલ સેના તથા રાજપૂત યુવા સંગઠન બનાવેલ છે જે બાબતે દરબારો વચ્ચે મનદુઃખ થયેલ, પરંતુ તેમાં તેઓએ કોઈ પ્રકારનો ભાગ લીધેલ નથી. તા.૫–૬–૨૦૧૭ ના રોજ બપોર બાદ પાંચેક વાગ્યાની આજુબાજુ તેઓ તેમનું બાઈક નં.જી.જે.એ.બી.૧૪૯૭ લઈ કંથારીયા પેટ્રોલપંપે પેટ્રોલ ભરાવવા એકલા નિકળેલા અને કંથારીયા નહેર પાસ કરી આગળ જતા રોડની બાજુમાં ભરવાડોનો વાસ છે તેની નજીક તેમની બાઈકની પાછળથી તેમના ગામના કેતનભાઈ ચંદુભાઈ સોલંકી, રાજુભાઈ ગોતાભાઈ સોલંકી, જીતુભાઈ ડાહ્યાભાઈ પરમાર, ભરતભાઈ બલુભાઈ સોલંકીનો મોટો છોકરો જેના નામની ખબર નથી દીઠે ઓળખે છે તથા મેહુલભાઈ મોહનભાઈ સોલંકી તથા બીજો એક ઈસમ જેને તેઓ દીઠે ઓળખે છે તેઓ બે બાઈકો લઈને આવેલા અને આ છએ માણસોએ તેમનું બાઈક ઉભું રખાવેલ અને મેહુલભાઈ મોહનભાઈ સોલંકીએ તેના હાથમાંના પાવડાનો દસ્તો એકદમ મારી દીધેલ અને જેથી તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયેલા તે વખતે બાકીના તમામ માણસોએ તેમની પાસેના દસ્તા તથા દંડાથી તેમને માથાના ભાગે ડાબી બાજુમાં તથા બરડાના ભાગે તેમજ જમણા પગે નળા ઉપર તથા સાથળના ભાગે મારવા લાગેલ અને રોડ ક્રોસ કરીને રોડની જમણી બાજુ લઈ ગયેલા અને માથામાં તથા જમણા પગેથી લોહી નિકળતાં તેઓ બેભાન થઈ જતાં મુકીને નાસી ગયેલા અને તેઓને થોડું ભાન આવતાં અને એક ભાઈ રોડ ઉપરથી ક્રોસ થતા હતા તેમણે

તેઓને જોતાં ૧૦૮ માં ફોન કરેલ અને ઓળખાણ આપતાં ફોન કરતાં તેમના કાકાના દિકરા દેવીસિંહ તથા આજુબાજુમાંથી માણસો આવી જતાં તેઓને રાજલ હૉસ્પિટલમાં દાખલ કરેલ છે અને તેઓ સંપૂર્ણ ભાનમાં છે અને તેમનો પીછો કરી તેમને મારી નાંખવા માટે જ આ હુમલો કરેલ છે જેથી આ તમામ વિરૂઘ્ધ કાયદેસર થવા ફરિયાદ છે તેવી હકીકત જાહેર કરતાં પોલીસ સબ ઈન્સ્પેકટરે તે ફરિયાદ નોંધી લીધેલી અને તે અનુસંધાને આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૫૫/૨૦૧૭ અન્વયેનો ગુનો નોંધાયેલો.

(૩) તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી તપાસની જરૂરી કાર્યવાહી કરી તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતાં આંકલાવ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૩૨૫ મુજબનું ચાર્જશીટ રજૂ કરેલું. સદર ગુનાનો ક્રિમિનલ કેસ નં.૫૧૪/૨૦૧૭ પડેલો. આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આંકલાવના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૪–૧૦–૨૦૧૭ ના રોજ હુકમ કરીને તે કેસ અત્રેની સેશન્સ અદાલત તરફ કમિટ કરેલો અને તેનો સેશન્સ કેસ નંબર પડ્યા બાદ ગુણદોષ ઉપર નિકાલ કરવા માટે આ અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૪) આરોપીઓ જામીન ઉપર હોઈ તેમના વકીલ મારફતે હાજર રહેલા છે અને તેઓની હાજરીમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરાયેલી છે.

(૫) આરોપીઓને તેમની વિરૂઘ્ધના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી તેઓ વિરૂઘ્ધ આંકઃ ૦૬ થી ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯,

૩૦૭, ૩૨૫ અન્વયેનું તહોમતનામું ફરમાવી, સદર તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ અને આંકઃ ૭ થી ૧૨ અન્વયે આરોપીઓના નિવેદનો નોંધતાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરીને કેસ ગુણદોષ આધારે આગળ ચલાવવા માટે રજૂઆત કરેલ છે.

(૬) આ કામે ફરિયાદપક્ષ દ્વારા પોતાના કેસના સમર્થનમાં નિચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

## –:: મૌખિક પુરાવો ::–

| શાહેદ નંબર | શાહેદનું નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | લક્ષ્મણસિંહ મોતીસિંહ રાજ | પંચ શાહેદ | ૧૪ |
| ૨ | સુરેશભાઈ ચંદુભાઈ સોલંકી | પંચ શાહેદ | ૧૬ |
| ૩ | મેલાભાઈ ફતાભાઈ ઠાકોર | પંચ શાહેદ | ૧૮ |
| ૪ | યુસુફભાઈ અભેસંગ રાજ | પંચ શાહેદ | ૨૩ |
| ૫ | રણજીતસિંહ રામસિંહ રાજ | પંચ શાહેદ | ૨૬ |
| ૬ | ડૉ. અજયકુમાર ગૌરીશંકર વ્યાસ | તબીબ શાહેદ | ૨૮ |
| ૭ | જયસિંહ છત્રસિંહ રાજ | ફરિયાદી | ૩૪ |
| ૮ | દેવિસિંહ હઠીસિંહ રાજ | શાહેદ | ૩૬ |
| ૯ | કિરીટભાઈ રામભાઈ પટેલ | શાહેદ | ૩૭ |
| ૧૦ | સ્વપનિલકુમાર મગનભાઈ પટેલ | શાહેદ | ૩૮ |
| ૧૧ | જગદીશભાઈ હીરાભાઈ પરમાર | તપાસ કરનાર અમલદાર | ૪૦ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| (૨) | ફરિયાદીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૧૭ |
| (૩) | આરોપીઓની શરીરસ્થિતિ તથા હથિયારો કબજે કર્યાનું | ૨૪ |

| | | |
|---|---|---|
| | પંચનામું | |
| (૪) | આરોપી જીતુભાઈ તથા કિરણભાઈએ રજૂ કરેલ મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું | ૨૫ |
| (૫) | ઈજા પામનાર જયસિંહ છત્રસિંહ રાજના ઈજાના સર્ટીફીકેટ | ૨૯–૩૦ |
| (૬) | ઈજા પામનાર જયસિંહના સારવારના કેસ પેપર્સ | ૩૧ |
| (૭) | ફરિયાદ | ૩૫ |
| (૮) | સ્ટેશન ડાયરીની લગત પાનની નકલ | ૩૯ |
| (૯) | ઈજા પામનારનું સર્ટીફીકેટ મેળવવા કરેલ ચાદી | ૪૧ |
| (૧૦) | એફ.એસ.એલ. અધિકારીનો ગુનાવાળી જગ્યાનો રિપોર્ટ | ૪૨ |
| (૧૧) | ગુનાવાળી જગ્યાના નકશા માટેની ચાદી | ૪૩ |
| (૧૨) | ગુનાવાળી જગ્યાના નકશા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૪૪ |
| (૧૩) | ગુનાવાળી જગ્યાનો નકશો | ૪૫ |
| (૧૪) | ટેલિફોન વર્ધી | ૪૬ |
| (૧૫) | વાયરલેશ મેસેઝ | ૪૭ |
| (૧૬) | એફ.એસ.એલ.અધિકારીને હાજર રહેવા કરેલ વાયરલેશ મેસેજ | ૪૮ |
| (૧૭) | જાહેર રિપોર્ટ | ૪૯ |
| (૧૮) | જી.જે.૨૩ એ.એચ. ૧૧૭૭ ની આર.સી. બુકની ઝેરોક્ષ | ૫૦ |
| (૧૯) | જી.જે.૨૩ એ.પી. ૮૨૬૩ ની આર.સી. બુકની ઝેરોક્ષ | ૫૧ |
| (૨૦) | ઈ.પી.કો. કલમ– ૩૨૫ નો ઉમેરો કરવા કરેલ રિપોર્ટ | ૫૨ |
| (૨૧) | મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૫૩ |
| (૨૨) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૫૪ |
| (૨૩) | એફ.એસ.એલ. નો રિપોર્ટ | ૫૫ |
| (૨૪) | એફ.એસ.એલ. નો સીરોલોજી રિપોર્ટ | ૫૬ |
| (૨૫) | મુદ્દામાલ રવાનગી નોંધ | ૫૭ |
| (૨૬) | મુદ્દામાલ આર્ટીકલ નં.૧/૧ તથા ૧/૨ માંથી નિકળેલ પંચ સ્લીપો તથા એફ.એસ.એલ.ની પીળી ટેગ | ૫૮ થી ૬૧ |

(૭) ઉપરોક્ત સાક્ષીઓનો પુરાવો રજૂ થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી તરફથી આંકઃ ૬૨ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે

(૮) ત્યારબાદ આરોપીઓનો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલો જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના તેમની વિરુધ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદ તપાસવા નથી તેમ જણાવેલું છે અને વિશેષમાં ફરિયાદપક્ષના ગૃપવાળા સામે તેઓની જ્ઞાતિના કોઈ વ્યક્તિએ અગાઉ વાસદ પોલીસ સ્ટેશને ફરિયાદ કરેલ હોઈ અને તે ફરિયાદમાં તેઓની જ્ઞાતિવાળાએ સમાધાનની ના પાડતાં આ દેવુસિંહ તેમજ ફરિયાદીએ મળી જયસિંહના અકસ્માતને હુમલામાં ખપાવી તેઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ ઉભી કરી હોવાનું અને ખોટા પુરાવા રજૂ કરી તેઓ પર ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી એમ.એન. પટેલને તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી ડી.એસ. શાહને સાંભળ્યા તથા આરોપીઓ તરફે આંકઃ ૬૬ થી રજૂ લેખિત દલીલો તથા તેના સમર્થનમાં રજૂ કરેલ ઑથોરીટીઓ વંચાણે લીધી.

(૧૦) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી. એમ.એન. પટેલે એવી દલીલ કરેલ છે કે, ફરિયાદીએ તેમના પુરાવામાં તેમની આંકઃ ૩૫ ની ફરિયાદ તથા બનાવની હકીકતોને સ્પષ્ટપણે જણાવેલ છે અને ફરિયાદને સમર્થન આપતી હકીકતો રજૂ કરેલ છે તેમજ આરોપીઓ તથા પોતાના બનાવ વખતે પહેરેલ કપડા ઓળખી બતાવેલ છે. માત્ર કોના હાથમાં કયા હથિયાર હતા તેટલું જ ઓળખી બતાવેલ નથી. ફરિયાદીને થયેલ ઈજા અંગે ડૉ.અજય વ્યાસની

જુબાનીથી સમર્થન મળે છે. ગુનાવાળી જગ્યાના પંચ શાહેદના પુરાવાથી પણ ફરિયાદપક્ષને સમર્થન મળે છે. આ કામે તપાસેલ શાહેદ નં.૮ દેવીસિંહ રાજ, શાહેદ નં.૯ કિરીટભાઈ રામભાઈ પટેલ તથા શાહેદ નં.૧૦ સ્વપનિલ મગનભાઈના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. આંકઃ ૧૭ ના કપડા કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે અને ફરિયાદીએ કપડા ઓળખી બતાવેલ છે. પંચો હૉસ્ટાઈલ હોય તો પણ કપડા કબજે થયા નથી તેમ માની શકાય નહીં. કપડા ઉપર લોહીના ડાઘ મળેલ છે. આરોપીઓ બે બાઈક ઉપર હથિયારો સાથે ગયેલ છે અને ફરિયાદીને ઈજાઓ કરેલ છે. બનાવવાળી જગ્યાએ ફરિયાદી એકલા જ વીકટીમ અને શાહેદ છે. અગાઉ તા.૪–૬–૨૦૧૭ ના બનાવમાં આરોપીઓ તથા ફરિયાદીને કોઈ અદાવત ન હતી તેમ છતાં આરોપીઓએ રીશ રાખી બનાવ બનેલ છે અને આરોપીઓ વિરૂદ્ધનો ગુનો પુરવાર થતો હોઈ આરોપીઓને સજા કરવા રજૂઆત કરેલી છે.

(૧૧) બચાવપક્ષે વિ.વકીલ શ્રી ડી.એસ. શાહે તેમની મૌખિક તેમજ લેખિત દલીલ કરી એવું જણાવેલ છે કે, તહોમતનામા મુજબનું બનાવનું કારણ તા.૪–૬–૨૦૧૭ ના રોજના બનાવ અંગેની રીશ રાખી આરોપીઓએ હુમલો કરેલો તે રીશ અંગેની હકીકત ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આરોપીઓને ફરિયાદી સાથે કોઈ અણબનાવ ન હતો તો પછી આરોપીઓ હુમલો કેવી રીતે કરે. ફરિયાદ પુરવાર થતી નથી. ફરિયાદી મોટરસાયકલ નં.જી.જે.૨૩ એ.બી. ૧૪૯૭ ઉપર હતા અને ફરિયાદીને મારતા તે બાઈક સાથે નીચે પડી ગયેલા તો બાઈક ઉપર લોહીના ડાઘ મળી આવ્યા હોત. આવું ફરિયાદીનું બાઈક તપાસ કરનાર અધિકારીએ કબજે કરેલ નથી કે

બાઈકનું શું થયું તે અંગે ફરિયાદપક્ષે કાંઈ જણાવવામાં આવેલ નથી. ફરિયાદીને એક રાહદારીએ પૂછેલ અને રાહદારીએ દેવીસીંહને ફોન કરેલ તે રાહદારી કોણ હતા, ક્યાંના હતા તે અંગે કોઈ જવાબ ફરિયાદપક્ષ તરફે કરવામાં આવેલ નથી. ફરિયાદીની ઉલટ તપાસ મુજબ આરોપીઓ કયા બાઈક ઉપર આવ્યા હતા અને કયા બાઈક ઉપર કોણ બેઠેલ હતું તે પણ જણાવેલ નથી. જે બાઈક કબજે લેવામાં આવેલ છે તે બાઈક આરોપીઓની માલીકીના ન હતા અને જે માલીક હતા તેઓના કોઈ જવાબ લીધેલ નથી જેથી આરોપીઓએ બનાવ વખતે તે બાઈક વાપરેલ હોય તે માની શકાય નહીં. અજાણ્યા રાહદારીનું નામ જણાવેલ નથી. ફોન કરનાર વ્યક્તિ ફરિયાદી તથા તેમના ભાઈને ઓળખતા હતા તો પછી એનું નામ કેમ જાહેર નથી કર્યું. એ વ્યક્તિ જે પ્રથમ જ બનાવ બાદ હાજર થયેલ હોય તે વ્યક્તિ મહત્વના શાહેદ બની જાત પણ એ અંગે કોઈ તપાસ થયેલ નથી. આરોપીઓ અને ફરિયાદી વચ્ચે ક્યારેય કોઈ અણબનાવ નથી. અણબનાવ દેવીસિંહને છે તેવું સ્પષ્ટ થયેલ છે. પોલીસ દેવીસિંહને પ્રથમ મળેલ છે અને પોલીસ આવતા પહેલાં બનાવ અંગેની હકીકતની ચર્ચા તથા આરોપીઓના નામની ચર્ચા કરવામાં આવેલ છે. ડૉકટરનો પુરાવો તથા ફરિયાદીને થયેલ ઈજા એકબીજાને સમર્થન કરતા પુરાવા માની શકાય નહીં. છાતી તથા પાંસળીના ફ્રેકચર બનાવ વખતે થયેલ હોય તેવું માની શકાય નહીં. બનાવના દસ દિવસ બાદ છાતી અને મણકાનું ફ્રેકચરનું નીદાન થયેલ છે, જ્યારે તે અંગે ડૉકટરે તા.૬-૬-૨૦૧૭ ના રોજ તપાસેલા છે ત્યારે ફ્રેકચર નહીં હોવાનું અનુમાન કરેલ છે. ગંભીર ઈજા મૃત્યુ નિપજાવી શકાય તેવી નથી. ફરિયાદીના કપડા ઉપર કોઈ માટી ચોંટેલ હોય તેવો કોઈ પુરાવો નથી.

લોહીલુહાણ થઈ ગયેલ છે. કોઈ કંટ્રોલ માટી કે કોઈ લોહીવાળી માટી સેમ્પલ તરીકે લીધેલ નથી. ફરિયાદમાં બનાવ એક જગ્યાએ બનેલ છે અને બીજી જગ્યાએ ફરિયાદીને લાવીને મુકી નાશી ગયેલ છે. દેવીસિંહ હીયર સે વીટનેશ છે. ફરિયાદીને અકસ્માતથી ઈજા થયેલ છે તેવું માની શકાય તેમ છે. બાઈક કબજે લીધેલ નથી. આરોપીઓ સામે શંકારહિત કેસ પુરવાર થયેલ નથી. જીગ્નેશ નામના પ્રથમ હકીકત જાણનાર વ્યક્તિને શાહેદ તરીકે બતાવેલા નથી. ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલા નથી. પોલીસ શાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસથી વિરોધાભાસી છે અને સ્વતંત્ર શાહેદો મળી શકે તેમ હોવા છતાં એક પણ સ્વતંત્ર શાહેદને તપાસવામાં આવેલા નથી ત્યારે માત્રને માત્ર એક જ ઘર/જ્ઞાતિના શાહેદોની જુબાની ઉપર આધાર રાખી ફરિયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહીં. સદર કેસના ગુનાની ટેલિફોન વર્ધીથી માંડી છેલ્લી તપાસ શંકાસ્પદ હોઈ તેમજ મુદ્દામાલની રીકવરી પણ શંકાસ્પદ હોઈ તેમજ જે મુદ્દામાલ કબજે લેવો જોઈએ તે લીધેલ ન હોઈ તથા બનાવના પ્રથમ નજરેજોનાર જીજ્ઞેશભાઈનું નામ ખુલેલ હોવા છતાં તેઓને ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી. આંકઃ ૩૮ ના શાહેદની કબુલાતથી પંચનામાને સમર્થન પણ મળતું નથી. ખાડામાં પડી ગયેલ બાઈક બહાર કોણ લાવેલ ? તે હકીકતની ગેરહાજરી હોઈ તથા ફરિયાદીના કાકા દેવુસિંહને મનદુઃખ થયેલ તે હકીકત પણ બહાર આવેલ તથા તપાસ કરનાર અધિકારી, દેવુસિંહ, ફરિયાદી જયસિંહ અને બીજા ઘરના સભ્યો ભેગા મળી ચર્ચા કર્યા બાદ ફરિયાદ લેવામાં આવેલ કે જેની પ્રાથમિક તપાસમાં ફરિયાદીને કોઈ પણ પ્રકારનું ફ્રેકચર જણાયેલ નહીં તથા દસ દિવસ બાદ ફ્રેકચર જણાયેલ

તેના કોઈ ખુલાસા થયેલ ન હોઈ તથા એકસ–રે એક્ષપર્ટને કયા કારણોસર તપાસેલા નથી તેનો ખુલાસો થયેલ નથી તથા દસ દિવસ બાદ ફ્રેકચર થયેલાનું જે બહાર આવેલ છે તે સંબંધે ફ્રેકચર કેટલું જુનું હતું તેની તપાસ થયેલ નથી, ઈજાનો પ્રકાર જાણવા આંકઃ ૨૮ ના શાહેદે કોઈ તસ્દી લીધેલ નથી કે હેરબલ્બનો પ્રયોગ કરી ઈજાનો પ્રકાર તથા કયા હથિયારથી ઈજા થયેલ તે નક્કી કરેલ ન હોય ત્યારે ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો ચોક્કસ અને માનવાલાયક પુરાવાથી નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોય ત્યારે તમામ રીતે જોતાં ફરિયાદપક્ષ તેમનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી મુક્ત કરવા અરજ કરેલ છે અને તેમની દલીલોના સમર્થનમાં (૧) ૧૯૭૫ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૧૯૩૩, બ્રજબંધુ નાઈક અને બીજા વિરૂધ્ધ સ્ટેટ (ઓરીસ્સા હાઈકોર્ટ), (૨) ૧૯૯૪ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૧૧૦૬(૧) (સુપ્રિમકોર્ટ), જગદીશ પ્રસાદ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ એમ.પી., (૩) એ.આઈ.આર. ૧૯૭૨ પાન નં.૪૬૪, (પટના હાઈકોર્ટ), બલદેઓ સીંઘ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ બિહાર તથા (૪) ૨૦૦૩ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૨૩૩૧ (સુપ્રિમકોર્ટ), સાધુ રામ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ રાજસ્થાનના ન્યાયિક નિર્ણયો રજૂ કરેલા છે.

(૧૨) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં સદરહુ કેસના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકસંપ થઈ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારું તા. ૫–૬–૨૦૧૭ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યાના સુમારે સુંદણ ગામે મહાકાલ સેના તથા રાજપૂત યુવા સંગઠન બનેલ અને તે અંગે ગામના દરબારો વચ્ચે મનદુઃખ થયેલ અને

રાજ, પરમાર તથા સોલંકીનું ગૃપ થયેલ અને આરોપીઓના માણસોની સામે તા.૪–૬–૨૦૧૭ ના રોજ વાસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જેની રીશ રાખી આરોપીઓએ ફરિયાદીની બાઈકનો પીછો કરી ફરિયાદી કંથારીયા પેટ્રોલપંપે પોતાની બાઈક નં.જીજે–૨૩–એબી–૧/૪૯૭ નું લઈને જતા હતા તે વખતે કંથારીયા નહેર પાસે બાઈક ઉભું રખાવી, ફરિયાદી ઉપર પાવડાના દસ્તાથી હુમલો કરી માથા, છાતી તથા બરોડના ભાગે ઈજાઓ કરી હિંસા અને બળનો ઉપયોગ કરી, હુલ્લડ કરી, ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭ સાથે વાંચતા કલમ–૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ એકસંપ થઈ ગેરકાનૂની મંડળી રચી, પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારું ફરિયાદી ઉપર હુમલો કરી તથા આરોપી નં.૬ એ લાકડાના દસ્તાથી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ કરી ખૂન કરવાની કોશિશ કરી તથા અન્ય આરોપીઓએ ફરિયાદીને છાતી, બરોળ તથા પગના ભાગે દસ્તા તથા દંડાથી માર મારી છાતીમાં પાંસળીના ભાગે તથા મણકાના ભાગે ફ્રેકચર કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી ઈ.પી.કો. કલમ– ૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ– ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૧૩) આ કામે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા પુરાવા તથા શાહેદોના પુરાવાનું મૂલ્યાંકન, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓએ કરેલી દલીલોના સંદર્ભે કરતાં, ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નિચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) આખરી હુકમ મુજબ.

## –: નિર્ણયના કારણો :–

**મુદા નં.૧ –૨ :–**

આ બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ કેસની હકીકત, પુરાવા અને કાયદાની પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે હેતુથી બંને મુદ્દાઓની

ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૧૪) આ કામે હાલના આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત મુજબ આરોપીઓએ એકસંપ થઈ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા માટે અગાઉના બનાવની રીશ રાખી ફરિયાદી ઉપર પાવડાના દસ્તાથી હુમલો કરી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે છાતી, માથા તથા બરોળના ભાગે ગંભીર ઈજાઓ કરી ખૂન કરવાની કોશિશ કરેલી તેમજ સ્વેચ્છાપુર્વક મહાવ્યથા પહોંચાડેલી.

(૧૫) આ કામે ફરિયાદપક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર રજૂ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ સૌ પ્રથમ બનાવનું જે કારણ ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ છે તે નિઃશંકપણે પુરવાર થાય છે કે કેમ તે અંગેનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે સોગંદ ઉપર તપાસવામાં આવેલા શાહેદો પૈકી સૌથી મહત્વના શાહેદ ફરિયાદી જયસિંહ છત્રસિંહ રાજના શાહેદ નં.૭, આંકઃ ૩૪ થી રજૂ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, બનાવના કારણ બાબતે આ શાહેદે એવો પુરાવો આપેલ છે કે, તેમના ગામમાં મહાકાલ સેના અને રાજપૂત યુવા સંગઠન બનાવેલ છે તે બાબતે તેમના સમાજ તથા દરબાર કોમ વચ્ચે મનદુઃખ થયેલું અને તે બાબતે વાસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થયેલી તેમાં સમાધાન પણ થયેલું. ફરિયાદીની આંકઃ ૩૫ થી રજૂ ફરિયાદને ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ તેમના ગામમાં મહાકાલ સેના તથા રાજપૂત યુવા સંગઠન બનાવેલ છે જે બાબતે દરબારો વચ્ચે મનદુઃખ થયેલ, પરંતુ તેમાં તેઓએ કોઈ પ્રકારનો ભાગ લીધેલ નથી તેવું જણાવેલ છે. આ ફરિયાદીએ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં પણ બનાવના આગલા

દિવસે જે બે સેનાઓ વચ્ચે ઝઘડો થયેલ તેમાં તેમની કોઈ સંડોવણી ન હતી કે તે બનાવમાં તે સાક્ષી ન હતા કે તહોમતદાર પણ ન હતા તેવું કબુલેલ છે તેમજ એવું પણ કબુલેલ છે કે, એ બનાવ કોની વચ્ચે અને શું બન્યો તેની પણ તેમને ખબર નથી તેમજ રાજપૂત યુવા સંગઠન કે જે તેમનું ગૃપ કહેવાય છે તેની સાથે તથા મહાકાલ સેના સાથે તેને કોઈ લેવાદેવા નથી તેમજ આ શાહેદની ઉલટ તપાસમાંથી એવું પણ ફલિત થાય છે કે, અગાઉના ઝઘડાનું સમાધાન થઈ ગયેલાની હકીકત તેઓને દેવીસિંહ હઠીસિંહે જણાવેલ તેમજ રાજપૂત યુવા સંગઠન અને મહાકાલ સેના વચ્ચે અંદરો અંદર વિવાદ છે તેવી હકીકત પણ તેમને દેવીસિંહે જણાવેલી તેમજ તેઓએ એવું પણ કબુલેલ છે કે, તેમને ગામમા અંદરો અંદર ઝઘડા થતા હોય તેની સીધી ખબર ન પડે. એવું પણ કબુલેલ છે કે, બનાવ કેવી રીતેના બનેલો તેની સાચી વિગત પૂછતાં તેઓએ જણાવેલ કે, આ બનાવનું કારણ એવું હતું કે વોટસઅપ ગૃપમાં સોલંકી સમાજ અને રાજપૂત સમાજ વિશે અભદ્ર વાતો ફેલાવતા હોઈ જેથી થતી ટીપ્પણીમાં અર્થઘટનનો અને ચેલેન્જને કારણે આ સમગ્ર ઘટના બનેલ છે અને એવું પણ કબુલેલ છે કે, પોલીસ આવતા પહેલા ચર્ચા થયેલી અને તેમાં માલુમ પડેલ કે સોલંકી સમાજ અને રાજ સમાજ વચ્ચે પહેલેથી મનદુઃખ ચાલે છે તેઓને આ તહોમતદારો સાથે સીધું મનદુઃખ નથી કે અદાવત નથી અને હુમલા બાદ તેઓને ખબર પડેલી કે તહોમતદારોના ગૃપ સાથે દેવીસિંહને અદાવત છે. શાહેદ નં.૮, આંકઃ ૩૭ થી તપાસેલા દેવીસિંહ હઠીસિંહે પણ તેમના પુરાવામાં ત્રીજી તારીખના બનાવમાં જયસિંહને કોઈ લેવાદેવા નથી તે હકીકત તહોમતદારો જાણે છે તેવું કબુલેલ છે. આમ રેકર્ડ ઉપરના ફરિયાદી અને બનાવમાં ભોગ બનનાર જેવા મહત્વના શાહેદ તથા

દેવીસિંહના બનાવના કારણ બાબતના આ પુરાવાને તથા ફરિયાદીની આંકઃ ૩૫ થી રજૂ ફરિયાદીની આ બાબતની હકીકતોને ધ્યાને લેતાં આરોપીઓ દ્વારા અગાઉના બનાવની રીશ રાખી ફરિયાદી ઉપર હુમલો કરવામાં આવ્યાનો ફરિયાદપક્ષનો જે કેસ છે તે હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી કે ફરિયાદી અને આરોપીઓ વચ્ચે અન્ય કોઈ બાબતે અણબનાવ હોય કે અદાવત હોય તેવું પણ નિઃશંકપણે પુરવાર થતું નથી તે સંજોગોમાં ફરિયાદપક્ષે બનાવનું જે કારણ રજૂ થયેલ છે તે આ કામે ફરિયાદીની ફરિયાદ તથા ફરિયાદીના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતું નથી અને જે હકીકત ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૧૬) ફરિયાદીએ તેમના આંકઃ ૩૪ ના પુરાવામાં બનાવના દિવસે અને સમયે તેઓ તેમનું બાઈક લઈ કંથારીયા પેટ્રોલ પંપે પેટ્રોલ ભરાવવા એકલા ગયેલા અને સુદણ ગામથી આગળ એક નહેર ક્રોસ કરી આગળ ભરવાડવાસ આગળ બે બાઈકો સાથે છ માણસો આવેલા જે માણસોએ તેમની ઉપર હુમલો કરેલો તેવું જણાવેલ છે. આ શાહેદે તેમની આંકઃ ૩૫ ની ફરિયાદ મુજબની આ હકીકત જણાવેલ છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં ડૉકટરને પાંચ વ્યક્તિઓ દ્વારા હુમલો થયો છે તેવું જાહેર કર્યાનો ઈન્કાર કરેલ છે, પરંતુ આ કામે શાહેદ નં.૬, આંકઃ ૨૮ થી તપાસેલા ડૉ. અજયકુમાર ગૌરીશંકર વ્યાસે તેમના પુરાવામાં દર્દીએ બનાવ સંબંધે પૂછતાં પાંચ વ્યક્તિઓએ હુમલો કરી માર મારેલાનું જણાવેલું તેવો પુરાવો આપેલ છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ આ તબીબ શાહેદે તેઓએ દર્દીએ જે હિસ્ટ્રી આપેલી તે અક્ષરસઃ લખી લીધેલી તેવું કબુલેલ છે. આમ બનાવ બાદ તુરત જ ફરિયાદી– ઈજા પામનારને જે તબીબ સમક્ષ સારવાર માટે લઈ

જવામાં આવેલ છે ત્યાં આ ઈજા પામનારે તબીબ સમક્ષની હિસ્ટ્રીમાં પાંચ વ્યક્તિઓએ હુમલો કરેલાનું જણાવેલ છે. શાહેદ નં.૮ આંકઃ ૩૬ થી તપાસેલા દેવીસિંહે ઉલટ તપાસમાં એવો પુરાવો આપેલ છે કે, સૌ પ્રથમ ડૉકટર સાહેબને હકીકત તેઓએ જણાવેલી અને ડૉકટર સાહેબે કંઈ વાગ્યું, કેવી રીતે વાગ્યું, શું વાગ્યું, કોના દ્વારા મારવામાં આવ્યું તેવા સવાલો પૂછેલા અને હુમલાખોરોની સંખ્યા તથા નામ પણ પૂછેલા અને તે તમામ સવાલોના સાચા જવાબ આપેલા, જો કે તબીબ શાહેદે તેઓને દેવીસિંહે કોઈ હિસ્ટ્રી આપી હોય તેવું જણાવતા નથી. શાહેદ નં.૯, આંકઃ ૩૭ થી તપાસેલા કિરીટભાઈ રામભાઈ પટેલે પણ તેમની ઉલટ તપાસમાં દેવીસિંહે તેઓને ફોન કરી જયસિંહ ઉપર પાંચ આરોપીઓએ હુમલો કરેલ હોવાનું જણાવ્યું હોવાનું કબુલેલ છે. શાહેદ નં.૧૦, આંકઃ ૩૮ થી તપાસેલા સ્વપ્નીલકુમાર મગનભાઈ પટેલે પણ તેમના પુરાવામાં સરતપાસમાં જ તેઓ પહોંચ્યા ત્યારે જયસિંહે તેમને કહેલ કે, તેને પાંચ જણાએ મારેલ છે અને પાંચ વ્યક્તિઓના નામ આપ્યાનું જણાવે છે અને દેવીસિંહે ફોન પર તેમને છ વ્યક્તિઓએ તેમના ભાઈને મારેલ છે જેથી તમે સ્થળ ઉપર પહોંચો એવું જણાવ્યાનો ઈન્કાર કરેલ છે. શાહેદ નં.૧૧, આંકઃ ૪૦ થી તપાસેલા તપાસ કરનાર અધિકારી જગદીશભાઈ હીરાભાઈ પરમારે પણ તેમના પુરાવામાં સરતપાસમાં આંકઃ ૪૬ વાળી વર્ધીમાં હુમલાખોરોની સંખ્યા પાંચ દર્શાવેલ હોવાનું અને કોઈ હુમલાખોરના નામ કે વર્ણન આપેલ ન હોવાનું કબુલેલ છે તેમજ એવું પણ કબુલેલ છે કે, ફરિયાદમાં કુલ છ આરોપીઓના નામનો ઉલ્લેખ છે અને વર્ધીમાં પાંચ આરોપીઓના નામનો ઉલ્લેખ છે અને એ જ રીતે ડૉકટરે આપેલ સર્ટીફીકેટમાં પણ હુમલાખોરોની સંખ્યા પાંચ લોકોની

જણાવેલ છે. એવું પણ કબુલેલ છે કે, ડી.ડી.ની નકલનો તેઓએ અભ્યાસ કરેલો તેમાં પણ હુમલાખોરોની સંખ્યા પાંચ જણાવેલી. આમ, બનાવ વખતે હુમલો કરનાર વ્યક્તિઓ છ હતી કે પાંચ હતી તે બાબતે પણ રેકર્ડ ઉપરના પુરાવામાં વિરોધાભાસી હકીકતો આવેલ છે અને આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૧૭) આ ફરિયાદીએ તેમના આંકઃ ૩૪ ના પુરાવામાં તેમની આંકઃ ૩૫ ની ફરિયાદ મુજબ તેમની ઉપર હુમલો કરનાર છ વ્યક્તિઓ હોવાનું જણાવેલ છે અને તે પૈકી આરોપી નં.૧ જીતુભાઈ, નં.૨ કલ્પેશભાઈ, નં.૩ કેતનભાઈ, નં.૫ રાજેશ ઉર્ફે રાજુભાઈ તથા નં.૬ મેહુલભાઈનું નામ જણાવેલ છે તેમજ તથા બીજો એક ઈસમ જેને તેઓ દીઠે ઓળખે છે તે વ્યક્તિઓ બે બાઈક લઈને આવ્યા હોવાનું જણાવેલ છે અને કોર્ટ રૂબરૂ આ તમામ આરોપીઓને જોઈ ઓળખી બતાવે છે અને તેઓ પૈકી મેહુલભાઈએ પાવડાનો દસ્તો માથામાં ડાબી બાજુએ મારેલો જેથી તેઓ બાઈક લઈને નીચે પડી ગયેલા અને ત્યારબાદ અન્ય માણસોએ પાવડાના દસ્તાથી તેમની ઉપર હુમલો કરેલો જેમાં તેઓને જમણા પગના નળા ઉપર, સાથળના ભાગે, બરડા ઉપર અને માથા પર મારેલું જેથી તેઓ બેભાન છે તેવું જોઈને તે લોકો મુકીને નાસી ગયેલા અને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ થી ૫ જોઈ તેમના ઉપર જેનાથી હુમલો થયેલો તે જ હોવાનું ઓળખી બતાવે છે, પરંતુ કોના હાથમાં કયો મુદ્દામાલ હતો તે તેઓ કહી શકે નહીં તેવું જણાવેલ છે. ફરિયાદપક્ષના પુરાવામાં હુમલોખોરો છ હતા તે પાંચ હતા તે બાબતે ઉપર ચર્ચા કર્યા મુજબ મહત્વની બાબતમાં વિરોધાભાસી પુરાવો આવેલ છે. આ શાહેદે તેમના પુરાવામાં હુમલો કરનાર વ્યક્તિઓ દિશામાંથી બાઈક લઈને આવેલા કે કયા

બાઈક ઉપર કોણ બેઠેલ હતું તે કે બાઈકનું કોઈ વર્ણન કરેલ નથી તેમજ આ શાહેદે તેમના પુરાવામાં એવું કબુલેલ છે કે, કયા બાઈક ઉપર કોણ બેઠેલ હતું અને કોણ ચલાવતું હતું તેનો ફરિયાદમાં ઉલ્લેખ નથી કે બાઈકનું કોઈ વિવરણ ફરિયાદમાં જણાવેલ નથી કે બાઈકો કઈ દિશામાંથી આવેલા તે ફરિયાદમાં લખાવેલ નથી. રેકર્ડ ઉપરના પુરાવાથી એવું ફલિત થાય છે કે કબજે કરવામાં આવેલ બાઈકો આરોપીઓ પૈકી કોઈની માલીકીના ન હતા અને આ બાઈકોના મુળ માલીકોના કોઈ નિવેદનો નોંધવામાં આવેલા નથી કે તે બાબતેનો કોઈ પુરાવો આ કામે રેકર્ડ ઉપર આવેલ નથી. આ બાઈકો કબજે કર્યાનું પંચનામું આંકઃ ૨૫ થી રજૂ થયેલ છે તેના બંને પંચો યુસુફભાઈ અભેસીંહ રાજ અને રણજીતસિંહ રામસિંહ રાજ કે જેઓને આ કામે અનુક્રમે શાહેદ નં.૪, આંકઃ ૨૩ તથા શાહેદ નં.૫, આંકઃ ૨૬ થી તપાસેલા છે, તેઓના પુરાવાથી પણ આ પંચનામાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી. આ તમામ પુરાવા તથા હકીકતોને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં આ કામે કબજે લેવામાં આવેલ બાઈકો વપરાયેલ હોવાનું પણ નિઃશંકપણે પુરવાર થતું નથી. ફરિયાદીએ તેમના પુરાવામાં આ જણા જુદા જુદા ઘરો અને જુદી જુદી જગ્યાએ રહે છે તેમજ સમગ્ર બનાવ બાબતે બાઈકવાળા ક્યાંથી આવેલા અને કયાં ગયેલા તેવી કોઈ હકીકત તેમની ફરિયાદમાં જણાવેલ નથી તેવું કબુલેલ છે અને આમ આરોપીઓ બાઈક લઈ કઈ દિશામાંથી આવેલા અને કયાં ગયેલા તે બાબતનો કોઈ નિઃશંક પુરાવો રજૂ નથી કે આ બાઈકો સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીએ આ બાઈક બાબતનું કોઈ વર્ણન કરેલ નથી કે આરોપીઓને આ બાઈક ઉપર બનાવના સ્થળ બાજુ આવતાં કે ત્યાંથી જતી

વખતે કોઈ વ્યક્તિ દ્વારા જોવામાં આવ્યા હોય કે આરોપીઓને કોઈ મારક હથિયારો સાથે બનાવના સ્થળે કે આજુબાજુમાં જોવામાં આવ્યા હોય તેવો પણ રેકર્ડ ઉપર કોઈ નિઃશંક પુરાવો આવેલ નથી કે તેવા કોઈ શાહેદનું આ કામે નિવેદન નોંધવામાં આવેલ હોય તેવું જણાતું નથી કે તેવા કોઈ શાહેદને આ કામે તપાસેલા નથી અને ખૂદ ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવના ઈજા પામનાર સિવાય અન્ય કોઈ બનાવના નજરેજોનાર શાહેદ નથી. તપાસ કરનાર અધિકારીએ પણ તેમના આંકઃ ૪૦ ના પુરાવામાં કબુલેલ છે કે, સમગ્ર તપાસમાં તહોમતદારોએ ફરિયાદીનો પીછો કરેલ હોય અને હુમલો કરેલ હોય તેવો એક પણ નજરે જોનાર શાહેદ નથી અને તહોમતદારોના ઘરથી હાઈવે પર જવું હોય તો સુદણ ગામની ભાગોળ ક્રોસ કરવી પડે અને તેઓએ ભાગોળના કોઈ રહીશ કે દુકાનદારો પાસે આ તહોમતદારો અહીંથી પસાર થયેલ કે કેમ તે અંગેની તપાસ કરેલ નથી. આમ આ તમામ હકીકતોને ધ્યાને લેતાં પણ હાલના આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતે ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૧૮) ફરિયાદીએ તેમની ફરિયાદમાં બે બાઈક ઉપર આવેલ છ માણસોએ તેમનું બાઈક ઉભું રખાવેલું અને મેહલુભાઈ મોહનભાઈએ પાવડાનો દસ્તો એકદમ મારી દીધેલ જેથી તેઓ નીચે પડી ગયેલા. આ શાહેદે તેમના પુરાવામાં બાઈક ઉભું રખાવેલું હોય તેવું કંઈ જણાવતા નથી તેમજ મેહુલભાઈએ પાવડાનો દસ્તો માથામાં ડાબી બાજુએ મારેલો તેવું જણાવે છે, ફરિયાદમાં મેહુલભાઈએ માથામાં ડાબી બાજુએ દસ્તો માર્યો હોય તેવું જણાવતા નથી કે આવી હકીકત તબીબ સમક્ષની હિસ્ટ્રીમાં પણ જણાવેલ હોય તેવું ફલિત થતું નથી અને આમ આ હકીકત પણ વિરોધાભાસી છે.

(૧૯) ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવના અન્ય કોઈ નજરોજોનાર શાહેદ નથી. ફરિયાદીએ તેમના આંકઃ૩૪ ના પુરાવામાં તેમની ફરિયાદ મુજબ તેઓ બેભાન થઈ જતાં હુમલો કરનાર તેઓને મુકીને નાસી ગયેલા અને થોડું ભાન આવતાં અને રાહદારી ત્યાંથી જતા હતા તેમણે તેઓને ઉઠાડી કયા ગામના છો તેવું પૂછતાં તેઓએ સુદણના હોવાનું જણાવેલ અને રાહદારીએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલ અને દેવીસિંહની ઓળખાણ કાઢી મોબાઈલ નંબર આપીને જાણ કરાવેલી જેથી દેવીસિંહ અને ૧૦૮ આવી ગયેલ અને તેઓને રાજલ હૉસ્પિટલમાં લઈ ગયેલા. આ ઈજા પામનાર ફરિયાદી તેમની આંકઃ ૩૫ ની ફરિયાદ કે તેમના પુરાવામાં આ રાહદારીને તેઓએ આ ઈજાઓ કેવી રીતે થઈ તે બાબતે કંઈ જણાવેલ હોય કે રાહદારીએ તેઓને આ બાબતે કંઈ પૂછેલ હોય તે બાબતે કંઈ જણાવતા નથી આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકાસ્પદ ઉત્પન્ન કરે છે. વળી સૌથી અગત્યની બાબત એ છે કે આ રાહદારી કે જેઓનું નામ જીજ્ઞેશભાઈ પટેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તેઓ આ બનાવના મહત્વના શાહેદ છે તેઓનું આ કામે કોઈ નિવેદન નોંધવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી. ફરિયાદીએ તેમના પુરાવામાં ઉલટ તપાસમાં આ અજાણ્યા રાહદારીનું નામ તેઓએ ક્યારે જાણેલ નહીં હોવાનું અને જીગ્નેશ પટેલ નામના તમામ વ્યક્તિઓ જે તેમના ગામના છે તે તમામને ઓળખતા હોવાનું અને જો તેઓએ કોઈ પણ નિવેદનમાં જીગ્નેશભાઈ પટેલે તેમના ભાઈને ફોન કરેલાની વિગત લખાવેલ હોય તો તે વિગત તેઓએ લખાવેલ નથી તેવું જણાવેલ છે, પરંતુ ફોન કરનાર વ્યક્તિ તેમને તથા દેવીસિંહને ઓળખા હતા તેવું કબુલે છે. ત્યારબાદની ઉલટ તપાસમાં તેમને જીગ્નેશભાઈ પટેલ, રહે. સુદણે ૧૦૮

બોલાવી રાજલ હૉસ્પિટલમાં દાખલ કરેલ છે તેવું જણાવેલ છે અને એવું પણ કબુલેલ છે કે, હુમલા બાદ તેઓ કોઈ વ્યક્તિને ઓળખતા હોય તો તે જીજ્ઞેશભાઈ પટેલ હતા અને હુમલો થયા બાદ તેમના ઓળખીતા જીજ્ઞેશભાઈ મળેલા તે હકીકત તેઓએ પોલીસને જણાવેલ નથી. તપાસ કરનાર અધિકારીએ પણ તેમના આંકઃ ૪૦ ના પુરાવામાં ઈજા પામનારને સૌ પ્રથમ જીગ્નેશભાઈ પટેલ મળેલા તેવું ડી.ડી. માં જણાવેલ છે તેવું કબુલેલ છે અને આ શાહેદે એવું પણ કબુલેલ છે કે, જીગ્નેશભાઈ પટેલનું તપાસના કામે કોઈ નિવદેન લીધેલ નથી કે તેઓને ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી. શાહેદ દેવીસિંહે તેમના આંકઃ ૩૬ ના પુરાવામાં ત્રાહિત વ્યક્તિનો ફોન આવ્યાનું જણાવેલ છે અને બનાવની સૌપ્રથમ જાણ કોણે કરેલી તેની તેમને ખબર નથી તેવું તેમજ પોલીસને પણ તે વ્યક્તિનું નામ કે નંબર જણાવેલ નથી કે પોલીસે પણ તેમને પૂછેલ નથી કે તે વ્યક્તિ ગામનો હતો કે બહારનો હતો તે અંગે પણ પોલીસે કોઈ ખુલાસો પુછેલ નહીં અને તેઓ જ્યારે સ્થળ પર પહોંચ્યા ત્યારે તે વ્યક્તિ હાજર ન હતો તેવું જણાવેલ છે. વધુમાં કોઈ જીગ્નેશભાઈ પટેલે તેમને સૌપ્રથમવાર બનાવ અંગેની જાણ કરતો ફોન કરેલ હોય તેવું બનેલ નહીં તેવું જણાવે છે અને ત્યારબાદ કબુલે છે કે, જીગ્નેશભાઈ તેઓ બનાવવાળા સ્થળે પહોંચ્યા ત્યારે હાજર હતા અને જીગ્નેશભાઈ ૧૦૮ એમ્બ્યુલન્સમાં સાથે ગયેલા અને જીગ્નેશભાઈ ઘટના સ્થળે તથા એમ્બ્યુલન્સમાં હાજર હતા તેવી હકીકત તેઓએ પોલીસને જણાવેલ નહીં. આમ આ શાહેદ જીજ્ઞેશભાઈની હાજરી બાબતે વિરોધાભાસી અને શંકાસ્પદ પુરાવો આપે છે. આંકઃ ૩૭ થી તપાસેલા શાહેદ કિરીટભાઈ રામભાઈએ પણ તેમના પુરાવામાં કબુલેલ છે કે, સ્થળ ઉપર ગયા ત્યારે તેમને ખબર પડેલ કે

ગામના એક જીગ્નેશભાઈએ દેવીસિંહને ફોન કરેલો અને બનાવની હકીકત જણાવી સ્થળ ઉપર આવવા જણાવેલું અને જીગ્નેશભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો અને ૧૦૮ માં જયસિંહને હૉસ્પિટલ લઈ ગયેલી. વધુમાં એવું જણાવેલ છે કે, તેઓએ પોલીસને તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે જીગ્નેશભાઈ હાજર હતા અને તેઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવેલી તેવું જણાવેલ નહીં. એવું પણ કબુલેલ છે કે, તેમની જાણ મુજબ સૌપ્રથમ જો આ બનાવની જાણ થઈ હોય તો તે વ્યક્તિ જીગ્નેશભાઈ છે. એવું પણ કબુલેલ છે કે, પોલીસ સાચી તપાસ કરી શકે તે માટે તેઓએ સામેથી ક્યારેય પોલીસને જણાવેલ નથી કે જીગ્નેશભાઈ ત્યાં હાજર હતાં. આ શાહેદ એવું પણ કબુલે છે કે, તેમને પાછળથી પણ એવો વિચાર આવેલ નહીં કે સ્થળ ઉપર સૌ પ્રથમ જીગ્નેશભાઈ હાજર હતા તો આ બાબતે પોલીસને જણાવું. આ જીગ્નેશભાઈ બાબતે શાહેદ સ્વપ્નીલકુમાર મગનભાઈએ પણ તેમના આંકઃ ૩૮ ના પુરાવામાં કબુલેલ છે કે, જીગ્નેશભાઈ પટેલ નામના તેમના ગામના સ્થળ ઉપર અગાઉથી હાજર હતાં. વધુમાં એવું જણાવેલ છે કે, તેઓએ પોલીસને તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે જીગ્નેશભાઈ હાજર હતા તેવું જણાવેલ નહીં. આ બાબતનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે. આમ આ કામે બનાવના અન્ય કોઈ નજરે જોનાર શાહેદ નથી અને ફરિયાદપક્ષના કેસ મુજબ જીજ્ઞેશભાઈ નામની વ્યક્તિ બનાવના સ્થળે સૌ પ્રથમ પહોંચેલ છે અને તેઓએ ફરિયાદીના કાકાના દિકરા દેવીસિંહને ફોન કરેલો છે અને ૧૦૮ વાનને પણ ફોન કરી બોલાવેલ છે અને તે રીતે આ જીજ્ઞેશભાઈ આ કામના મહત્વના શાહેદ છે અને ફરિયાદીએ તેમના પુરાવામાં જીજ્ઞેશભાઈ પટેલ, સુદણ ગામના હોવાનું કબુલેલ છે અને અન્ય

શાહેદોના પુરાવામાંથી પણ આ વ્યક્તિ ગામના જીજ્ઞેશભાઈ પટેલ હોવાની હકીકતને સમર્થન આપે છે અને ફરિયાદી તથા શાહેદો પણ સુદણ ગામના છે તેમ છતાં આ જીજ્ઞેશભાઈ બાબતે વિરોધાભાસી પુરાવા આપે છે અને ફરિયાદી તથા શાહેદો કોઈ હકીકત છુપાવવા પ્રયત્ન કરતા હોય તેવી શક્યતા જણાય છે. આ જીજ્ઞેશભાઈ પટેલને ફરિયાદપક્ષ દ્ધારા શા માટે તપાસવામાં આવેલા નથી તે અંગેનો કોઈ ખૂલાસો પણ રેકર્ડ ઉપર રજૂ નથી અને જો આ રાહદારી જીજ્ઞેશભાઈ પટેલ ન હતા તો કોણ હતું તે બાબતનો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજૂ થયેલ નથી અને તેવી કોઈ વ્યક્તિને આ કામે તપાસેલ નથી અને આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે અને જ્યારે બનાવના કોઈ નજરો જોનાર શાહેદ નથી અને ફરિયાદપક્ષના કેસ મુજબના જે સૌ પ્રથમ બનાવ સ્થળે પહોંચનાર વ્યક્તિનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી ત્યારે ફરિયાદપક્ષના કેસ મુજબના આરોપીઓ વિરૂદ્ધના ગુનાના પુરાવાની કડીને કોઈ નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૨૦) ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદી બાઈક ઉપર જતા હતા તે વખતે બનાવ બનેલ અને આરોપી નં.૭ મેહુલભાઈએ માથામાં પાવડાનો દસ્તો મારતાં તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયેલા, જ્યારે ફરિયાદીના સોગંદ ઉપરના પુરાવાની ઉલટ તપાસની કબુલાત મુજબ બનાવ કેવી રીતના બનેલો તેની સાચી વિગત પૂછતાં તેઓએ જણાવેલ કે, તેઓને માર મારવાની ધમકી આપી તેમના બાઈકને ટકકર મારી તેમને નીચે પાડી દીધેલા. આમ આ શાહેદે મામલતદાર રૂબરૂમાં જે હકીકત જણાવેલ તેમાં તેમના બાઈકને ટક્કર મારી પાડી દીધેલા તેવી હકીકત લખાવ્યાનું કબુલેલ છે. આ કામે ફરિયાદીનું

બાઈક કબજે કરવામાં આવેલ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું આંકઃ ૧૫ થી રજૂ થયેલ છે અને તેના પંચ શાહેદ લક્ષ્મણસિંહ મોતીસિંહ રાજને શાહેદ નં.૧ આંકઃ ૧૪ થી તપાસેલા છે. આ શાહેદે તેમના પુરાવામાં ગુનાવાળી જગ્યાએ બજાજ કંપનીનું ડીસ્કવર બાઈક હતું જેનો નંબર તેમને યાદ નથી અને આ બાઈક બનાવવાળી જગ્યાએ પડેલ હતું તેવું જણાવેલ છે, પરંતુ આ શાહેદના પુરાવામાં કે આંકઃ ૧૫ ના પંચનામામાં આ બાઈકને શું નુકસાન થયેલ હતું તે જણાવેલ નથી કે ગુનાવાળી જગ્યાએથી આ બાઈક કે અન્ય કોઈ ચીજ–વસ્તુ કબજે કરવામાં આવેલ હોય તેવું પણ જણાવેલ નથી અને આ પંચનામામાં ગુનાવાળી જગ્યાએ કોઈ નોંધપાત્ર નિશાન ન હતા તેવું પણ જણાવેલ છે તેમજ આ બાઈક ચાલું હાલતમાં છે તેવું જણાવેલ છે. શાહેદ સ્વપનિલકુમારે તેમના આંકઃ ૩૮ ના પુરાવામાં કબુલેલ છે કે, બનાવવાળી જગ્યાએ સ્ટેટ હાઈવેનો એક બાજુ રસ્તો ખુલ્લો હતો અને બીજી બાજુ બંધ હતો અને ખુલ્લા રસ્તા બાજુ રોડને અડીને ખાડો હતો અને તેઓ પહોંચ્યા ત્યારે જયસિંહ ખાડામાં પડેલા હતા અને બાઈક પણ પડેલ હતું. આંકઃ ૪૫ થી રજૂ ગુનાવાળી જગ્યાનો નકશો જોતાં બનાવવાળી જગ્યા રોડની ગટરનો ભાગ બતાવેલ છે. તપાસ કરનાર અધિકારી જગદીશભાઈ પરમારે પણ તેમના આંકઃ ૪૦ ના પુરાવામાં કબુલેલ છે કે, ઈજા પામનારનું બાઈક કબજે લઈ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હોય તેવું બનેલ નથી અને એવું પણ કબુલેલ છે કે, ઈજા પામનારના બાઈકને અકસ્માતમાં નુકશાન થયેલાની હકીકત તેમની તપાસમાં ખુલેલ અને તેઓએ જોયેલ પણ હતું. આમ ફરિયાદપક્ષના કેસ મુજબ ફરિયાદી બાઈક લઈને જતા હતા ત્યારે આરોપીએ માર મારતાં બાઈક ઉપરથી નીચે પડી ગયેલા અને આ બનાવ

બનેલ છે ત્યારે આ કામે ફરિયાદીનું બાઈક પણ મહત્વનો પુરાવો હતો જે બાઈક આ કામે કબજે કરવામાં આવેલ નથી તે હકીકતને ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૨૧) ફરિયાદીના પુરાવામાંથી એવી હકીકત પણ ફલિત થાય છે કે, ઘણા બધા માણસો ભેગા થઈ જતાં હુમલાખોરો તેમને મુકીને નાસી ગયેલા તેવી હકીકત તેઓએ દેવીસિંહને જણાવેલી, શાહેદ દેવીસિંહે પણ તેમના પુરાવામાં આવી હકીકત તેઓને જયસિંહે જણાવ્યાનું કબલુલેલ છે તેમજ તેઓ જ્યારે સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે બે-ચાર જણા હાજર હતા તેવું જણાવેલ છે. શાહેદ સ્વપનિલકુમારે પણ તેમના આંકઃ ૩૮ ના પુરાવામાં કબુલેલ છે કે, બનાવવાળી જગ્યાએ આજુબાજુના ઘણા લોકો દોડી આવેલા અને એવા કોઈ લોકોના નામનો ઉલ્લેખ તેઓએ કોઈ જગ્યાએ કરેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારીના આંકઃ ૪૦ ના પુરાવા મુજબ બનાવ સ્થળે ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા તેવું તેમની તપાસમાં ખુલેલું અને કહેવાતા બનાવવાળું સ્થળ સ્ટેટ હાઈવે રોડ છે અને તેની નજીક ભરવાડવાસ પણ આવેલ છે. એવું પણ કબુલેલ છે કે તેઓએ ટોળાના કોઈ માણસોના નિવેદન લીધેલ નથી અને આ ટોળું કોણ હતું તેને શોધવાના તેઓએ કોઈ પ્રયત્ન કરેલ હોય અને આ પ્રયત્ન ચાર્જશીટમાં સામેલ રાખેલ હોય તેવું બનેલ નથી. આમ તપાસ કરનાર અધિકારીની તપાસમાં પણ ખામી હોવાનું જણાય છે અને રકર્ડ ઉપર સત્ય હકીકત લાવવાનો પુરો પ્રયત્ન આ તપાસ કરનાર અધિકારીએ કરેલ હોય તેવું પણ જણાતું નથી અને આમ રેકર્ડ ઉપરના પુરાવામાંથી એવી હકીકત પણ ફલિત થાય છે કે, બનાવ રોડ ઉપર સાંજના પાંચેક વાગ્યે બનેલ છે, વાહનોની અવરજવરવાળો રોડ છે,

નજીકમાં પેટ્રોલ પંપ છે અને નજીકમાં ભરવાડવાસ છે તેમ છતાં ભેગા થયેલા લોકો પૈકી કોઈના કે આજુબાજુના રહીશોના કે ત્યાંથી પસાર થતા કોઈ વ્યક્તિના નિવેદનો નોંધવામાં આવેલા નથી કે તેવા કોઈ સ્વતંત્ર શાહેદોને આ કામે તપાસેલા નથી અને જે શાહેદો તપાસેલા છે તે હીયર સે શાહેદો અને ફરિયાદીના નજીકના સગા અને જ્ઞાતિના હિત ધરાવતા શાહેદો છે અને તેઓના પુરાવામાં પણ મહત્વની બાબતોમાં વિરોધાભાસ છે અને આ તમામ હકીકતોને ધ્યાને લેતાં પણ આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૨૨) ફરિયાદીને થયેલ ઈજાઓ બાબતના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે શાહેદ નં.૬ આંકઃ ૨૮ થી તપાસેલા ડૉ. અજયકુમાર ગૌરીશંકર વ્યાસે તેમના પુરાવામાં તેઓએ તા.૫-૬-૨૦૧૭ ના રોજ સાંજના ૫-૫૨ કલાકે દર્દી જયસિંહ તેમની હૉસ્પિટલમાં આવતાં હિસ્ટ્રી નોંધી થયેલ ઈજાઓ જણાવેલ છે અને તે અંગેના તેઓએ આપેલ સર્ટીફીકેટસ આંકઃ૨૯ અને ૩૦ થી રજૂ કરેલા છે તેમજ સારવારના પેપર્સ આંકઃ ૩૧ થી રજૂ કરેલા છે. વધુમાં આ શાહેદે તેમના પુરાવામાં દર્દીને થયેલ ઈજાઓ પૈકી પાંસળીના ફ્રેકચર્સ તથા મણકાના ફ્રેકચર્સની ઈજાઓ ગંભીર કહી શકાય અને દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ એટલે કે લાકડી તથા પાવડાના દસ્તા જેવા હથિયારથી કરવામાં આવે તો શકય હોવાનું અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ થી ૫ વાળા હથિારો જોઈ આવા પ્રકારના હથિયારથી દર્દીને થયેલ ઈજાઓ શક્ય છે તેવું જણાવેલ છે. આ શાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં કબુલેલ છે કે, દર્દી તેમની પાસે આવ્યા ત્યારે મેડીકોલીગલ કેસ છે તેવી તેમને ખબર પડેલી. એવું કબુલેલ છે કે, જુદા જુદા પ્રકારના હથિયારોથી

જુદી જુદા પ્રકારની ઈજાઓ થઈ શકે અને માથામાં થયેલ ઈજા ચોક્કસ કયા પ્રકારના હથિયારથી થઈ છે તે નક્કી કરવા માથામાં હેરબલ્બ મેળવી તેની ચકાસણી કરી નથી અને હેરબલ્બથી કયા પ્રકારનું ચોક્કસ હથિયાર છે તે નક્કી થઈ શકે. વધુમાં એવું જણાવેલ છે કે ઈજા સી.એલ.ડબલ્યુ. હતી અને સી.એલ.ડબલ્યુ. ની ઈજા હુમલાથી જ થઈ શકે તેવું જરૂરી નથી. એવું કબુલેલ છે કે, દાખલ થતા દર્દીએ જે જે ભાગે પીડાની ફરિયાદ કરેલી તે શોધવા જરૂરી તમામ ઈન્વેસ્ટીગેશન તેઓએ કરાવી લીધેલા. એવું પણ કબુલેલ છે કે, તેમના સર્ટીફીકેટમાં ઈજાનો કલર દર્શાવેલ નથી. એવું પણ કબુલેલ છે કે, દર્દીને પહેલા પ્રથમ દિવસે છાતીના એકસ-રે કરવામાં આવેલ જે નોર્મલ હતો. એવું પણ કબુલેલ છે કે, છ તારીખથી ૧૫ તારીખ દરમ્યાનમાં દર્દીએ જે છાતીના ભાગે દુઃખાવાની ફરિયાદ કરેલી તે તેમને ધારણા હોવાથી એ દરમ્યાનમાં કોઈ રિપોર્ટ કરાવેલ નહીં તેમજ દર્દીને દાખલ કર્યા બાદ તેઓ જે રાઉન્ડ ઉપર દર્દીનું નિરીક્ષણ કરતા તેમાં પણ તેમને વધારે કોઈ ઈન્વેસ્ટીગેશન કરવાની જરૂરિયાત લાગતી ન હતી. આ શાહેદે કબુલેલ છે કે, કોઈ વ્યક્તિ બાઈક ઉપરથી પડી જાય અને રસ્તાની બાજુમાં આવેલ ખાડા પર અથડાય તો દર્દીને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ સંભવી શકે. એવું પણ કબુલેલ છે કે, દર્દીને માથાના ભાગની ઈજા સામાન્ય હતી. એવું પણ કબુલેલ છે કે, દર્દીને મણકાના ભાગે તથા છાતીના ભાગે થયેલ ઈજા ૨૪ કલાકમાં જણાઈ આવેલ નહીં. હુમલાખોરોની સંખ્યા તથા નામ પણ પૂછેલા અને એવું કબુલેલ છે કે તેમની હૉસ્પિટલમાં એકસ-રે તથા સીટી સ્કેનની સુવિધા નથી અને તે કરાવવા દર્દીએ જાતે જવું પડે, તેઓ દર્દી સાથે ક્યારેય જોડે ગયેલા નહીં અને દર્દી એકસ-રે કે સીટી સ્કેન માટે ગયા

હોય આ દરમ્યાનમાં શું બનેલ હોય તે તેઓ ના કહી શકે. એવું પણ કબુલેલ છે કે, તા.૬–૬–૨૦૧૭ ના સર્ટીફીકેટમાં દર્દીને છાતી અને મણકાના ભાગે દુઃખાવા અંગે કોઈ ફરિયાદ જણાવવામાં આવેલ નથી અને જે સર્ટીફીકેટ આંકઃ ૩૨ થી રજૂ થયેલ છે. એવું પણ કબુલેલ છે કે, રીબનું ફ્રેકચર સ્પર્શ કરવાથી પણ જાણી શકાય છે અને તેઓએ દર્દીને કલીનીકલી ચકાસતા ફ્રેકચર જણાયેલ નહીં. સૌપ્રથમ આ તબીબ સમક્ષ દર્દીએ બનાવ સંબંધી આપેલ હિસ્ટ્રીની હકીકતને ધ્યાને લેવામાં આવે તો, દર્દીને લાઠી અને પાવડાના હાથા દ્વારા પાંચ વ્યક્તિઓએ હુમલો કરી માર મારેલાનું જણાવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ છ વ્યક્તિઓએ હુમલો કરેલો. ઈજા પામનાર અને ફરિયાદી જયસિંહે તેમના આંકઃ ૩૪ ના પુરાવામાં કબુલેલ છે કે, તેમને સીધા રાજલ હૉસ્પિટલ, આણંદ ખાતે સારવાર માટે લઈ ગયેલા, પરંતુ તેઓને ડૉકટરે બનાવ બાબતે કંઈ પૂછેલ નહીં કે તેઓએ પણ ડૉકટરને સામેથી બનાવ બાબતે જણાવેલ નહીં અને એવું કબુલેલ છે કે, તેઓ બનાવ બાબતે તેમના ઘરના સભ્યોને જે હકીકત જણાવેલી તે જ હકીકત તેમના ઘરના સભ્યોએ ડૉકટરને જણાવેલ. ડૉકટરે તેમને શું વાગ્યું, કેવી રીતે વાગ્યું, કોના દ્વારા વાગ્યું એવું કંઈ પૂછેલ નહી અને એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ડૉકટર સાહેબને પાંચ વ્યક્તિઓ દ્વારા હુમલો થયો છે તેવું જાહેર કરેલું. આમ, તબીબ શાહેદના પુરાવા મુજબ દર્દી સભાન અવસ્થામાં હતા અને દર્દીએ તેમની સમક્ષ બનાવ સંબંધી હિસ્ટ્રી આપેલી, પરંતુ ખૂદ ઈજા પામનાર આવી હકીકતને સમર્થન આપતા નથી અને ડૉકટરને ઘરના સભ્યોએ હકીકત જણાવેલી તેવો પુરાવો આપે છે, ત્યારે ફરિયાદપક્ષની આ હકીકત પણ વિરોધાભાસી છે તેમજ શાહેદ દેવીસિંહે તેમના આંકઃ ૩૬ ના

પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હૉસ્પિટલ પહોંચ્યા ત્યારે જયસિંહ થોડા થોડા ભાનમાં હતા અને સૌ પ્રથમ ડૉકટર સાહેબને હકીકત તેઓએ જણાવેલી અને ડૉકટર સાહેબે કંઈ વાગ્યું, કેવી રીતે વાગ્યું, શું વાગ્યું, કોના દ્ધારા મારવામાં આવ્યું તેવા સવાલો પૂછેલા. હુમલાખોરોની સંખ્યા તથા નામ પણ પૂછેલા અને તે તમામ સવાલોના સાચા જવાબ આપેલા, જો કે તબીબ શાહેદે તેઓને દેવીસિંહે કોઈ હિસ્ટ્રી આપી હોય તેવું જણાવતા નથી. તબીબ શાહેદે તેમના આંકઃ ૨૮ ના પુરાવામાં કબુલેલ છે કે, મેડીકોલીગલ કેસમાં હુમલોખોરોની સંખ્યા, હુમલાખોરોના નામ એ મહત્વની બાબત ગણાય છે અને તેમની સમક્ષ કોઈ હુમલાખોરોના નામ દર્દીએ આપેલ નથી કે હુમલાખોરો જાણીતા હતા કે અજાણ્યા હતા એ બાબતનો પણ કોઈ ઉલ્લેખ તેમની સમક્ષ ઈજા પામનારે કરેલ નહીં. આમ તબીબ શાહેદ તેમજ ઈજા પામનારના પુરાવાને તેમજ શાહેદ દેવીસિંહના પુરાવાને ધ્યાને લેતાં હિસ્ટ્રીની હકીકત બાબતે વિરોધાભાસી પુરાવો આવેલ છે. હુમલાખોરોની સંખ્યા બાબતે વિરોધાભાસ છે તેમજ તબીબ સમક્ષની હિસ્ટ્રીમાં કોઈ પણ આરોપીનું નામ કે વર્ણન જણાવવામાં આવેલ નથી અને આમ આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષને મદદરૂપ બનતી નથી. તબીબી પુરાવાને ધ્યાને લેતાં બનાવ બાદ તુરત જ ઈજા પામનાર હૉસ્પિટલમાં ગયેલા છે અને તા.૬-૬-૨૦૧૭ ના રોજ તપાસણી થયેલ છે, એકસ-રે લેવામાં આવેલ છે અને તે વખતે જેટલા પણ ઈન્વેસ્ટીગેશન કરેલા તે નોર્મલ હતા તેવો તબીબનો પુરાવો છે અને ત્યાર પછી દસ દિવસ બાદ સીટી સ્કેનમાં પાંસળીનું ફ્રેકચર તથા મણકાનું ફ્રેકચર હોવાનું જણાઈ આવ્યાનું

અને આ ઈજાઓ ગંભીર હોવાનો તબીબ શાહેદે પુરાવો આપેલ છે, પરંતુ જો આવી ફ્રેકચરની ઈજાઓ બનાવ વખતે થયેલ હોત તો દસ દિવસ સુધી અસહ્ય દુઃખાવો ન થાય તેવી હકીકત નિઃશંકપણે માની શકાય તેવી નથી તેમજ તબીબ શાહેદના પુરાવા મુજબ દર્દીને એકસ–રે તથા સીટી સ્કેન માટે તેમની હૉસ્પિટલમાંથી બહાર દર્દીએ જાતે જવું પડતું હોવાનું કબુલેલ છે ત્યારે તેમજ તબીબ શાહેદે તેમના તા.૬–૬–૨૦૧૭ ના આંકઃ ૩૨ થી રજૂ સર્ટીફીકેટમાં છાતી અને મણકાના ભાગે દુઃખાવા અંગે કોઈ ફરિયાદ જણાવવામાં આવેલ નથી તેવું કબુલેલ છે ત્યારે તેમજ દર્દીને થયેલ ઈજા ચોક્કસ કયા હથિયારથી થઈ શકે તે નિઃશંકપણે પુરવાર થયેલ નથી અને તબીબ શાહેદે એવું કબુલેલ છે કે, કોઈ વ્યક્તિ બાઈક ઉપરથી પડી જાય અને રસ્તાની બાજુમાં આવેલ ખાડા પર અથડાય તો દર્દીને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ સંભવી શકે તેમજ આ ફ્રેકચર કેટલુ જુનું હતું તે બાબતે કોઈ પુરાવો નથી કે આ કામે દર્દીના એકસ–રે લેનાર એકસ–રે એક્ષપર્ટને આ કામે તપાસેલા નથી. આ તમામ પુરાવા તથા હકીકતોને ધ્યાને લેતાં ઈજા પામનારને થયેલ ઈજાઓ ફરિયાદપક્ષના કેસ મુજબના પાવડાના દસ્તાથી જ થયેલ હોય કે આવી ઈજાઓ બનાવ સમયે જ થયેલ હોય કે આ ઈજાઓ આ કામના આરોપીઓ પૈકી જ કોઈએ કરી હોય તેવી હકીકતને તબીબી પુરાવાથી નિઃશંકપણે સમર્થન મળતું નથી તેમજ બચાવપક્ષે તેમની દલીલમાં ઈજા પામનારને અકસ્માતે બાઈક ઉપરથી પડી જતાં આવી ઈજાઓ થઈ હોવાની શક્યતા દર્શાવેલ છે અને તબીબ શાહેદે પણ તેવી શક્યતાની હકીકતને સમર્થન આપેલ છે ત્યારે તેમજ આ બાબતે ફરિયાદપક્ષે કોઈ નિઃશંક પુરાવો રજૂ થયેલ નથી ત્યારે તમામ પુરાવા તથા હકીકતોને

ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષના આરોપીઓ વિરૂધ્ધના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૨૩) તપાસ કરનાર અધિકારીએ તેમના આંકઃ ૪૦ ના પુરાવામાં ઉલટ તપાસમાં માથામાં ઈજા હોવાના લીધે તેઓએ ઈ.પી.કો. કલમ– ૩૦૭ મુજબની ફરિયાદ લીધેલી અને માથાની ઈજાની ગંભીરતા બાબતે ફરિયાદ લેતાં સમયે ડૉકટર સાથે ચર્ચા કરેલી તેવું કબુલે છે, પરંતુ આ કામે તપાસેલ તબીબ શાહેદ ડૉ. અજયકુમાર વ્યાસે તેમના આંકઃ ૨૮ ના પુરાવામાં ઉલટ તપાસમાં દર્દીને માથાના ભાગે થયેલ ઈજા સામાન્ય હતી તેવું કબુલેલ છે. આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે તેમજ તબીબ શાહેદે જે ઈજાઓ ગંભીર કહી શકાય તેવું જણાવેલ છે તે પાંસળીના ફ્રકચર તથા મણકાના ફ્રેકચરની ઈજાઓ સારવાર માટે દાખલ થયાના દસ દિવસ બાદ નીદાન થયેલ છે અને આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૨૪) ઈજા પામનારે તેમના આંકઃ ૩૪ ના પુરાવામાં આવનાર વ્યક્તિઓ પૈકી મેહુલભાઈએ પાવડાનો દસ્તો માથામાં ડાબી બાજુએ મારેલો તેવું જણાવેલ છે, જ્યારે તેમની ફરિયાદમાં મેહુલભાઈએ પાવડાનો દસ્તો મારી દીધેલ એટલું જ જણાવેલ છે અને તેઓને માથામાં ડાબી બાજુએ મારેલ હોય તેવું જણાવતા નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં તેઓને માર માર્યા બાદ રોડ ક્રોસ કરીને જમણી બાજુ લઈ ગયેલા તેવું જણાવેલ છે, પરંતુ ફરિયાદીએ આવી કોઈ હકીકત તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ નથી અને તે રીતે ફરિયાદીએ તેમની ફરિયાદથી વિરોધાભાસી પુરાવો આપેલ છે અને આ હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે. વળી આ કામે આંકઃ

૪૫ થી રજૂ ગુનાવાળી જગ્યાના નકશાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કેસ મુજબ જે જગ્યાએ આરોપીઓએ ફરિયાદીને મારેલા તે જગ્યા ચાલુ બનતો હાઈવે રોડ જે બંધ હાલતમાં છે અને તે બાજુ એસ્સાર પેટ્રોલ પંપ છે. આ રોડની વચ્ચે એક ફૂટ ઉંચાઈનો સિમેન્ટ રેતીનો ડીવાઈડર છે અને રોડની કિનારીએ રોડની ગટરનો ભાગ છે અને તે જગ્યા ગુનાવાળી જગ્યા તરીકે દર્શાવેલ છે. આ નકશામાં આ રોડ વચ્ચેના ડીવાઈડરમાં આ જગ્યાએ કોઈ ગેપ હોય તેવું દર્શાવેલ નથી. આ નકશામાં ગટરવાળા ભાગમાં ગુનાવાળી જગ્યા દર્શાવેલ છે આવી હકીકતો બાબતનો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી આ તમામ પુરાવા તથા હકીકતોને ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૨૫) ફરિયાદપક્ષના કેસ મુજબ શાહેદ દેવીસિંહે શાહેદ કિરીટભાઈ અને સ્વપનિલકુમારને ફોન કરી બનાવની જાણ કરેલ અને સ્થળ ઉપર પહોંચવા જણાવેલું અને આ શાહેદ કિરીટભાઈ અને સ્વપનિલકુમારે પણ તેમના અનુક્રમે આંકઃ૯ અને ૧૦ ના પુરાવામાં તેવી હકીકતને સમર્થન આપેલ છે અને વધુમાં તેઓને ઈજા પામનાર જયસિંહે બનાવની હકીકત જણાવ્યાનો પુરાવો આપેલ છે, પરંતુ ખૂદ ઈજા પામનાર ફરિયાદી તેમની સરતપાસના પુરાવામાં આ આંકઃ ૯ અને ૧૦ વાળા શાહેદો બનાવ સ્થળે આવ્યા હોય કે તેઓને ફરિયાદીએ બનાવની કોઈ હકીકત જણાવી હોય તેવું જણાવતા નથી કે ફરિયાદીએ શાહેદ દેવીસિંહને પણ બનાવ સ્થળે કોઈ હકીકત જણાવી હોય તેવું જણાવતા નથી તેમજ શાહેદ દેવીસિંહ તેમના સરતપાસના પુરાવામાં તેમના ભાઈને તેમના ગામના સ્વપનિલભાઈ અને કિરીટભાઈ રાજલ હૉસ્પિટલમાં લઈ ગયેલા અને તેઓ પાછળ તેમની ગાડી લઈને રાજલ

હૉસ્પિટલમાં ગયેલા તેવું જણાવે છે, જ્યારે આ કિરીટભાઈ અને શાહેદ સ્વપનિલકુમાર બંને તેઓની સરતપાસના પુરાવામાં તેઓ ઈજા પામનાર જયસિંહ સાથે દવાખાને ગયા હોય તેવી હકીકતને સમર્થન આપતા નથી. વળી શાહેદ સ્વપનિલકુમારે તો જયસિંહને કયા દવાખાને લઈ ગયેલા તેની તેમને ખબર પડેલ નહીં તેવું જણાવેલ છે. વળી શાહેદ કિરીટભાઈએ તેમના સરતપાસના પુરાવામાં તેઓ સ્થળ ઉપર પહોંચ્યા બાદ દેવીસિંહ ત્યાં આવી ગયેલા એવું જણાવે છે, જ્યારે શાહેદ સ્વપનિલકુમાર તેમના સરતપાસના પુરાવામાં તેઓ સ્થળ ઉપર પહોંચ્યા બાદ કોઈ આવેલ નહીં તેવું જણાવે છે તેમજ શાહેદ કિરીટભાઈ અને સ્વપનિલભાઈએ તેમની ઉલટ તપાસના પુરાવામાં તેઓ બંને સાથે સ્થળ પર ગયેલા તેવું જણાવેલ છે. શાહેદ દેવીસિંહે તેમના પુરાવામાં તેઓ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે તેઓને ફોન કરનાર વ્યક્તિ હાજર ન હતા તેવું જણાવે છે, જ્યારે શાહેદ કિરીટભાઈએ તેમના પુરાવામાં ગામના જીજ્ઞેશભાઈએ દેવીસિંહને ફોન કરેલો અને જીજ્ઞેશભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો એવું જણાવે છે, જ્યારે શાહેદ સ્વપનિલકુમાર ૧૦૮ ને કોણે બોલાવેલી તેની તેમને ખબર નથી તેવું જણાવે છે. ઈજા પામનાર જયસિંહ સાથે ૧૦૮ વાનમાં કોણ ગયેલ તે અંગે પણ વિરોધાભાસી પુરાવો આવેલ છે અને ૧૦૮ વાનવાળાએ પણ પોલીસ સ્ટેશનમાં કોઈ જાણ કરી હોય તેવો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી. આમ ફરિયાદી અને શાહેદોના પુરાવામાં મહત્વની હકીકતોમાં પણ વિરોધાભાસ છે અને આ હકીકતો પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૨૬) ફરિયાદી તથા શાહેદોના પુરાવામાંથી એવી હકીકત ફલિત થાય છે કે, આરોપીઓ અને ફરિયાદી– ઈજા પામનાર વચ્ચે કોઈ અણબનાવ કે

અદાવત ન હતી, પરંતુ આરોપીઓના ગૃપ સાથે શાહેદ દેવીસિંહ અણબનાવ છે અને અદાવત છે. ફરિયાદીના પુરાવા મુજબ દેવીસિંહ રાજ તેમના કાકાના દિકરા થાય છે જેઓ પહેલાં સરપંચ હતા અને હાલ સરપંચ એ આરોપીઓના ગૃપવાળા છે તેમજ અગાઉના ઝઘડામાં સમાધાન થયાની હકીકત તેઓને દેવીસિંહે જણાવેલી તેમજ રાજપૂત યુવા સંગઠન અને મહાકાલ સેના વચ્ચે અંદરો અંદર વિવાદ છે તેવી હકીકત પણ તેમને દેવીસીંહે જણાવેલી તેવો પુરાવો આપેલ છે. વધુમાં ફરિયાદીએ આ બનાવનું કારણ વોટસએપ ગૃપમાં સોલંકી સમાજ અને રાજપૂત સમાજ વિશે અભદ્ર વાતો ફેલાવતા હોઈ તેથી થતી ટીપ્પણીમાં અર્થઘટનનો અને ચેલેન્જને કારણે આ સમગ્ર ઘટના બનેલ છે તેવું તેઓએ સાદા ડ્રેસવાળા સાહેબ સમક્ષ લખાવ્યાનું કબુલેલ છે. શાહેદ દેવીસિંહના પુરાવા મુજબ પણ તેઓ માજી સરપંચ છે અને હાલનું ઈલેકશન તેમના પત્ની લડેલા અને જે અરવિંદભાઈના પત્ની સરોજબેન સામે હારી ગયેલા. આ શાહેદના ઉલટ તપાસના પુરાવા મુજબ રાજ ગૃપ અને સોલંકી ગૃપ વચ્ચે અણબનાવના કારણે ત્રીજી તારીખે ગામમાં બનાવ બનેલો જેની ફરિયાદ વાસદ પોલીસ સ્ટેશનમાં થયેલી અને સોલંકી ગૃપને સમજાવવા છતાં માનેલા નહીં અને ચોથી તારીખે ખોટરી રીતે ફરિયાદ આપેલી અને ત્રીજી તારીખના બનાવમાં હાલના તહોમતદારો પૈકી એક અને તેમનું ગૃપ સામેલ હતું અને હાલના તહોમતદારોને પણ સમજાવવાનો તેઓએ પ્રયત્ન કરેલો, પરંતુ તેઓ પણ તેમની વાત માનેલા નહીં. શાહેદ સ્વપનિલકુમારે પણ તેમના પુરાવામાં દેવીસિંહના પત્ની હાલનું ઈલેકશન આરોપીઓના ગૃપ સામે હારી ગયેલા અને હાલના બનાવ અગાઉ જે ઝઘડો થયેલ તે બાબતે દેવીસિંહે સોલંકી

જૂથના વ્યક્તિઓને ફરિયાદ નહીં કરવા અને સંપીને રહેવા માટે સમાધાનનો પ્રયત્ન કરેલો, પરંતુ આરોપીઓ અને તેમના ગૃપે દેવીસિંહની વાત નહીં માની વાસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી જેથી ગામમાં બંને જૂથ વચ્ચે વેરની શરૂઆત થયેલી અને દેવીસિંહની અને રાજ જ્ઞાતિના આગેવાનોની વાત આરોપી અને તેમના ગૃપના લોકોએ ન માનતા દેવીસિંહને ખોટું લાગેલું. આમ રેકર્ડ ઉપરના પુરાવામાંથી એવું ફલિત થાય છે કે, શાહેદ દેવીસિંહ અને આરોપીઓના ગૃપ વચ્ચે રાજકીય તેમજ સામાજિક જૂથ બાબતની અદાવત અને અણબનાવ હતો. આ કામે ફરિયાદીના ઉલટ તપાસના પુરાવા મુજબ હૉસ્પિટલમાં પોલીસ સાથે સૌપ્રથમ ચર્ચા દેવીસિંહ સાથે થયેલી, સૌપ્રથમ પોલીસને દેવીસિંહે બનાવની હકીકતો જણાવેલી અને દવાખાનામાં પોલીસ આવતાં પહેલાં લક્ષ્મણસિંહ મોતિસીંહ, ભુપેન્દ્રસિંહ રાજ, દેવીસિંહ, કોકીલાબેન, ઉર્મિલાબેન અને દિલીપસિંહ હાજર હતા અને પોલીસ આવતા પહેલાં આ તમામ લોકો સાથે બનાવ બાબતે તેમને ચર્ચા થયેલી અને આ ચર્ચાના અંતે ફરિયાદ આપવાનું નક્કી કરેલું તેમજ આ તમામ તહોમતદારોના નામો ઉપર પણ ચર્ચા થયેલી અને તમામ તહોમતદારો સોલંકી જ્ઞાતિના છે. શાહેદ નં.૯ કીરીટભાઈ તથા શાહેદ નં.૧૦ સ્વપનિલકુમારે તેમના ઉલટ તપાસ પુરાવામાં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં દેવીસિહે તેઓને ફોન કરી જયસિંહને જે જગ્યાએ બનાવ બનેલો તે સ્થળનું વર્ણન કરી તથા સુંદણ ગામના બે બાઈકો ઉપર આવેલા કુલ છ માણસોએ માર મારેલ છે અને લોહીલુહાણ કરી નાંખેલ છે તેવું જણાવ્યાનું લખાવેલું તેવું કબુલ રાખેલ છે. આ બંને શાહેદો દેવીસિંહ પહેલાં સ્થળ ઉપર ગયેલા છે. બંને શાહેદો શાહેદ દેવિસીંહના મિત્રો છે. આ તમામ

રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદી એ શાહેદ દેવીસિંહના પિતરાઈ ભાઈ છે અને શાહેદ નં.૯ અને ૧૦ શાહેદ દેવીસિંહના મિત્રો છે, તેઓને દેવીસિંહે ફોન કરી બનાવની હકીકતો જણાવેલ છે. આ ત્રણેય શાહેદો હિયર- સે શાહેદો છે, બનાવના કોઈ નજરે જોનાર શાહેદ નથી. શાહેદ દેવીસિંહે તેઓને કોઈ ત્રાહિતે ફોન કરી બનાવની હકીકતની જાણ કરેલી તેવું જણાવેલ છે અને તેઓએ આ હકીકત શાહેદ નં.૯ અને ૧૦ ને જણાવેલ છે, પરંતુ તેવી ત્રાહિત વ્યક્તિ કે જે આ કામે મહત્વના શાહેદ છે તેઓનું આ કામે કોઈ નિવેદન નોંધવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસેલા નથી કે ફરિયાદી તથા શાહેદોના પુરાવા મુજબ બનાવ સ્થળે અન્ય વ્યક્તિઓ પણ આવી ગયેલા, પરંતુ તેવા પણ કોઈ વ્યક્તિના આ કામે કોઈ નિવેદન નોંધવામાં આવેલા નથી કે તેઓને તપાસેલા નથી કે અન્ય કોઈ સ્વતંત્ર શાહેદને આ કામે તપાસેલા નથી. રેકર્ડ ઉપરના પુરાવામાંથી એવું પણ ફલિત થાય છે કે, શાહેદ દેવીસિંહને આરોપીઓ અને તેમના ગૃપ સાથે સામાજિક તેમજ રાજકીય અદાવત છે તેમજ શાહેદ દેવીસિંહે પ્રથમ પોલીસ સાથે ચર્ચા કરેલી છે તેમજ પોલીસ આવતા પહેલાં દેવિસિંહ અને અન્ય વ્યક્તિઓ સાથે બનાવ બાબતે તેમજ આરોપીઓના નામ બાબતે અને ફરિયાદ આપવા બાબતે ચર્ચા થયેલી અને ત્યારબાદ ફરિયાદ આપવામાં આવેલી છે. તપાસ કરનાર અધિકારીના પુરાવા મુજબ પણ તેઓએ આંકઃ ૩૫ ની ફરિયાદમાં સમય તથા સ્થળ લખેલ નથી અને આ ફરિયાદમાં ફરિયાદી સ્વસ્થ તથા બોલીચાલી શકે છે તે બાબતનો ડૉકટરનો કોઈ શેરો લીધેલ નથી તેમજ તેઓએ ફરિયાદીને જ્યારે સૌપ્રથમ વખત જોયો ત્યારે તે અસહ્ય દુઃખાવાની પીડાથી પીડાતો હતો અને દેવીસિંહે બનાવની સંપૂર્ણ

વિગત તેમની સમક્ષ જાહેર કરેલી અને ત્યારબાદ દેવુસિંહ તેઓને જયસિંહના રૂમમાં મળવા લઈ ગયેલા અને ત્યાં દેવુસિંહની હાજરીમાં જયસિંહ સાથે આ જ બનાવની આ જ ચર્ચા થયેલી. વળી શાહેદ દેવીસિંહ અને શાહેદ કિરીટભાઈ તથા સ્વપનિલકુમારના પુરાવા મુજબ શાહેદ દેવીસિંહને ફોન ઉપર બનાવની હકીકતની જાણ થયેલી છે અને ખૂદ શાહેદ દેવીસિંહના સરતપાસના પુરાવા મુજબ જ તેઓને બનાવની ફોન ઉપર જાણ થયેલી ત્યારે તેઓ પોલીસ સ્ટેશનમાં હતા તેવું જણાવેલ છે, તો આવી બનાવની જાણ થતાં તેઓ તાત્કાલિક તે અંગે પોલીસને જાણ કરી શક્યા હોત, પરંતુ આવી કોઈ જાણ તેઓએ પોલીસને કરી હોય તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી. આમ આ તમામ પુરાવાને ધ્યાને લેતાં ચર્ચા વિચારણા કરી દ્વેશભાવથી ગોઠવીને આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપવામાં આવી હોય તેવી શક્યતા જણાઈ આવે છે અને આ હકીકત ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૨૭) ફરિયાદીએ તેમની આંકઃ ૩૫ ની ફરિયાદમાં બે આરોપીઓની ઓળખ સ્પષ્ટ કરેલ નથી અને તેમના પુરાવામાં પણ છઠ્ઠો માણસ જેનું નામ ખબર નથી જોયે ઓળખે છે તેવું જણાવેલ છે અને જોઈ ઓળખી બતાવે છે અને તે આ કામના આરોપી નં.૪ કિરણભાઈ છે, પરંતુ ઉલટ તપાસમાં કબુલેલ છે કે, આરોપી કિરણસિંહ શનાભાઈ ગામમાં રહેતા હોવાથી પહેલેથી ઓળખું છું અને ત્યારબાદ નામથી ઓળખતા ન હતા તેવું જણાવે છે અને એવું કબુલેલ છે કે, કિરણભાઈનું કોઈ વર્ણન, નામ,સરનામું, સગા–વ્હાલાની વિગત તેઓએ ફરિયાદમાં જણાવેલ નથી કે તેઓએ પોલીસને છઠ્ઠા વ્યક્તિની ઓળખાણ કરાવવા બાબતે ક્યારેય વાત કરેલ નહીં. શાહેદ દેવીસિંહે પણ

તેમના પુરાવામાં તેઓને જયસિંહે મારનાર વ્યક્તિઓના નામ આપેલા તેમાં છઠ્ઠા વ્યક્તિનું નામ આપેલ નહીં અને દીઠે ઓળખું છું તેવું કહ્યાનું જણાવે છે તેમજ તબીબ સમક્ષની હિસ્ટ્રીમાં, આંકઃ૪૬ ની ટેલિફોન વર્ધીમાં તેમજ ડી.ડી. માં પાંચ હુમલાખોર હોવાનો ઉલ્લેખ છે. શાહેદ કિરીટભાઈએ પણ તેમના ઉલટ તપાસ પુરાવામાં દેવીસિંહે તેઓને ફોન કરી જયસિંહ ઉપર પાંચ આરોપીઓએ હુમલો કરેલ છે તેવું જણાવી જલ્દી પહોંચવા કહ્યાનું કબુલેલ છે. જો છએ હુમલાખોરો તેમના ગામના જ હોય તો તેઓ તેમને નામથી પણ ઓળખતા જ હોય તો છઠ્ઠા હુમલાખોરનું નામ તેઓએ કેમ જાહેર કરેલ નથી કે ત્યારબાદ પણ આ છઠ્ઠા આરોપીની ઓળખ બાબતેનો કોઈ ખુલાસો કે ઓળખ જાહેર થયેલ હોય કે ઓળખપરેડ થયેલ હોય તેવું પણ આ કામે નિઃશંકપણે પુરવાર થતું નથી. તેવી જ રીતે ફરિયાદીએ તેમની ફરિયાદમાં આરોપી નં.૨ નું નામ જણાવેલ નથી અને ભરતભાઈ બબુભાઈ સોલંકીનો મોટા છોકરો તેવો ઉલ્લેખ કરેલ છે અને બચાવપક્ષની ઉલટ તપાસમાં કબુલેલ છે કે, ભરતભાઈ બાબુભાઈ સોલંકીના મોટા છોકરાને તેઓ જાતે ઓળખી શકે છે અને તેની ઓળખ માટે લાવો તેવી હકીકત તેઓએ પોલીસને જણાવેલ નથી કે પોલીસ પણ તે વ્યક્તિને તેમની સમક્ષ ઓળખાણ માટે ક્યારેય લાવેલ નથી અને એવું પણ કબુલ રાખેલ છે કે, હાલના ગુનાના કામે તેઓએ ભરતભાઈ બાબુભાઈના મોટો છોકરા (કલ્પેશ) ને સૌપ્રથમવાર કોર્ટમાં ઓળખી બતાવેલ છે. શાહેદ કિરીટભાઈએ પણ તેમના પુરાવામાં ભરતભાઈ બાબુભાઈનો મોટો દિકરો જેનું નામ કહેલ નહીં તેવું જણાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ પણ તેમના પુરાવામાં તમામ આરોપીઓ સુદણ ગામના રહીશ હોવાનું અને ફરિયાદી પણ સુદણ ગામના

રહેવાસી હોવાનું તેમજ આ કામે આરોપીઓની કોઈ ઓળખપરેડ કરાવેલ નહીં હોવાનું કબુલેલ છે. આ તમામ પુરાવા તથા હકીકતોને ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન થાય છે.

(૨૮) ગુનાવાળી જગ્યાનું પંચનામું આંકઃ ૧૫ થી રજૂ થયેલ છે અને તેના પંચ શાહેદ લક્ષ્મણસિંહ મોતીસિંહ રાજને શાહેદ નં.૧ આંકઃ ૧૪ થી તપાસેલા છે. આ શાહેદે તેમના પુરાવામાં તા.૬-૬-૨૦૧૭ ના રોજ પોલીસે પંચમાં બોલાવ્યાનું અને તેમની સાથે બીજા પંચ ભુપેન્દ્રસિંહ હોવાનું જણાવેલ છે અને પોલીસે પંચનામું કરેલું અને તેમાં તેઓએ સહીઓ કરેલી જે પંચનામું આંકઃ ૧૫ થી રજૂ કરેલ છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં શાહેદે કબુલેલ છે કે, તેઓએ આંકઃ ૧૫ ના ગુનાવાળી જગ્યા ભરવાડવાસથી નજીક આવેલ હોય તેવું લખાવેલ નથી, કહેવાતી જગ્યાથી એસ્સારનો પેટ્રોલપંપ નજીક છે. એવું પણ કબુલેલ છે કે, દેવીસિંહ હઠીસિંહ તેમના ગામના પૂર્વ સરપંચ છે અને તેમની સાથે તેમને ઓળખાણ છે. આ ગુનાવાળી જગ્યાના પંચનામા વખતે સ્થળ ઉપરથી કોઈ ચીજ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી કે આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થન મળે તેવા કોઈ નોંધપાત્ર ચિહ્નો પણ મળી આવેલ નથી અને આમ આ પંચ શાહેદનો પુરાવો કે પંચનામાની હકીકતોથી પણ આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી. આંકઃ ૪૨ થી સ્થાનિક એફ.એસ.એલ.નો રિપોર્ટ રજૂ થયેલ છે તેમાં પણ ગુનાવાળી જગ્યા અને તેની આજુબાજુ તપાસણી કરતાં કોઈ નોંધપાત્ર પુરાવો તથા અન્ય કોઈ ચીજ-વસ્તુ મળી આવેલ નથી તેવું જણાવેલ છે અને આ પુરાવાને ધ્યાને લેતાં પણ ગુનાવાળી જગ્યા બાબતનો એફ.એસ.એલ. નો પુરાવો પણ ફરિયાદપક્ષની આરોપીઓ

વિરૂધ્ધના ગુનાની હકીકતને સમર્થનરૂપ બનતો નથી.

(૨૯) ફરિયાદપક્ષે આંકઃ ૧૭ થી ફરિયાદીના કપડા કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે અને તેના પંચ, શાહેદ નં.૨ સુરેશભાઈ ચંદુભાઈ સોલંકીને આંકઃ ૧૬ થી તથા આ પંચનામાના બીજા પંચ શાહેદ નં.૩ મેલાભાઈ ફતાભાઈ ઠાકોરને આંકઃ ૧૮ થી તપાસેલા છે. આ બંને પંચ શાહેદોએ તેમના પુરાવામાં લખેલા કાગળમાં તેઓની સહીઓ લીધાનું અને તેઓએ કાગળ વાંચલ નહીં હોવાનું જણાવેલ છે. આ પંચ શાહેદો આંકઃ ૧૭ ના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ફરિયાદપક્ષની ઉલટ તપાસમાં પણ આ પંચ શાહેદો પૈકી કોઈએ આ પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવો ફરિયાદપક્ષને મદદરૂપ થતો કોઈ પુરાવો આપેલ નથી કે આ પંચનામાની હકીકતોને અન્ય કોઈ પુરાવાથી પણ નિઃશંકપણે સમર્થન મળતું નથી. આમ, આ પંચ શાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૩૦) આંકઃ ૧૭ થી રજૂ ફરિયાદીના કપડા કબજે કર્યાના પંચનામાને ધ્યાને લેતાં તેમાં ફરિયાદીનો પેન્ટ તથા શર્ટ કબજે લેવામાં ઓવલ છે અને તેમાં પેન્ટ સાથળ નીચેના ભાગેથી કાપી નાંખેલ છે તેવું જણાવેલ છે. ફરિયાદીએ તેમના કપડા ઓળખી બતાવેલ છે, પરંતુ ઉલટ તપાસમાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૧ હાલ ચડ્ડો છે અને તે કાપેલું હોવાથી ચડ્ડો જણાય છે તેવું જણાવેલ છે. ફરિયાદીનું પેન્ટ બનાવ વખતે ફાટી ગયેલ હોય અને ચડ્ડો થઈ ગયેલ હોય તેવો કોઈ પુરાવો નથી અને આ પેન્ટ કેમ કાપી નાંખવામાં આવેલ છે તે બાબતે પણ ફરિયાદપક્ષે કોઈ ખુલાસો રજૂ થયેલ નથી. પંચનામામાં આ કપડા દિલીપસિંહ છત્રસિંહ રાજે રજૂ કરેલાનો ઉલ્લેખ છે,

તેઓને આ કામે તપાસેલા નથી. આ કપડા પેન્ટ તથા શર્ટ ઉપર રૂધિર મળી આવેલ છે અને તેને એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારું મોકલી આપવામાં આવેલ છે અને તે અંગેના એફ.એસ.એલ.ના અહેવાલ આ કામે આંકઃ ૫૫ અને ૫૬ થી રજૂ થયેલ છે તે મુજબ આ પેન્ટ, શર્ટ ઉપર ફરિયાદીના રૂધિર જૂથનું 'એબી' જૂથનું માનવ રૂધિર મળી આવેલ છે, પરંતુ આ કપડા ઉપર ફરિયાદીનું રૂધિર જૂથ મળી આવવા માત્રથી આ કામના આરોપીઓની આ ગુનામાં સંડોવણી હોવાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી. વળી આ કામે સ્થળ ઉપરથી લોહીના ડાઘ મળી આવેલ નથી કે અન્ય કોઈ નોંધપાત્ર ચિહ્ન કે ચીજ-વસ્તુ મળી આવેલ નથી તેમજ આ કામે ફરિયાદીનું બાઈક પણ કબજે કરવામાં આવેલ નથી કે તેની એફ.એસ.એલ. માં કોઈ ચકાસણી કરાવવામાં આવેલ નથી. આ તમામ પુરાવા તથા હકીકતોને ધ્યાને લેતાં પણ આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૩૧) ફરિયાદપક્ષે આંકઃ ૨૪ થી આરોપીઓની શરીરસ્થિતિ તથા હથિયારો કબજે કર્યાનું પંચનામું તથા આંકઃ ૨૫ થી આરોપી જીતુભાઈ તથા કિરણભાઈએ રજૂ કરેલ મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે અને આ આંકઃ ૨૪ અને ૨૫ ના બંને પંચનામાના પંચ શાહેદ નં.૪ યુસુફભાઈ અભેસિંહ રાજને આંકઃ ૨૩ થી તથા આ બંને પંચનામાના બીજા પંચ શાહેદ નં.૫ રણજીતસિંહ રામસિંહ રાજને આંકઃ ૨૬ થી તપાસેલા છે. આ બંને પંચ શાહેદોએ તેમના પુરાવામાં લખેલા કાગળમાં તેઓની સહીઓ લીધાનું અને તેઓએ કાગળ વાંચલ નહીં હોવાનું અને સહી સિવાય બીજી કોઈ કાર્યવાહી પોલીસે કરેલ નહીં હોવાનું જણાવેલ છે. આ બંને પંચ શાહેદો આંકઃ ૨૪ અને

૨૫ ના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ફરિયાદપક્ષની ઉલટ તપાસમાં પણ આ બંને શાહેદો પૈકી કોઈએ આ પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવો ફરિયાદપક્ષને મદદરૂપ થતો કોઈ પુરાવો આપેલ નથી કે આ પંચનામાની હકીકતોને અન્ય કોઈ પુરાવાથી પણ નિઃશંકપણે સમર્થન મળતું નથી. આમ, આ પંચ શાહેદોનો પુરાવો પણ ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૩૨) ફરિયાદપક્ષે આંકઃ ૨૪ થી રજૂ આરોપીઓની શરીરસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાના પંચનામાને ધ્યાને લેતાં તેમાં પણ આરોપીઓના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન મળી આવેલા નથી કે કબજે કરેલ હથિયારો ઉપર પણ કોઈ નિશાન જણાયેલા નથી, ત્યારે આ હથિયારો ફરિયાદપક્ષના કેસ મુજબના બનાવમાં ઉપયોગમાં લેવામાં આવેલા હોય કે હાલના આરોપીઓએ જ ફરિયાદીને કોઈ ઈજા કરી હોય તેવી હકીકતોને આ પંચનામાની હકીકતથી પણ નિઃશંકપણે સમર્થન મળતું નથી. આંકઃ ૨૫ થી આરોપી જીતુભાઈ તથા કિરણભાઈએ રજૂ કરેલ મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે, પરંતુ આ જ બાઈક ફરિયાદીએ કે અન્ય કોઈ શાહેદે જોયેલ હોય કે ઓળખેલ હોય કે આ બાઈકોનો જ બનાવ વખતે ઉપયોગ થયેલ હોય તેવી હકીકતને આ કામે રેકર્ડ ઉપરના અન્ય કોઈ પુરાવાથી નિઃશંકપણે સમર્થન મળતું નથી તેમજ આ બાઈકોની માલીકી આરોપી જીતુભાઈ કે કિરણભાઈની કે આ કામના આરોપીઓ પૈકી કોઈની નથી અને આ બાઈકોના મુળ માલીકોના કોઈ નિવેદનો નોંધવામાં આવેલા નથી ત્યારે આ તમામ પુરાવા

તથા હકીકતોને ધ્યાને લેતાં આ પંચનામાની હકીકતો પણ ફરિયાદપક્ષને આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતનો નિઃશંકપણે પુરવાર કરવામાં મદદરૂપ બનતી નથી. વળી ડીસ્કવરીનો પુરાવો એ નબળો પુરાવો છે. માત્ર તેના ઉપર આધાર રાખી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી. માત્ર આરોપીઓ તરફથી કોઈ વસ્તુની ડીસ્કવરી કે રીકવરી થઈ હોય તે સ્વયંભુ આરોપીએ જ ગુનો કરેલ છે તેવું અનુમાન કરવા માટે પર્યાપ્ત નથી. આ કામના આરોપીઓએ જ ફરિયાદપક્ષના કેસ મુજબનું ગુનાહિત કૃત્ય કર્યું હોય તેવી હકીકતને આ કામે નિઃશંકપણે સમર્થન મળતુ નથી ત્યારે આ પુરાવો પણ ફરિયાદપક્ષની આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં મદદરૂપ બનતો નથી.

(૩૩) આમ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કામે બનાવના કોઈ નજરે જોનાર શાહેદ નથી. સાંયોગિક પુરાવાની કડીઓ પણ નિઃશંકપણે પુરવાર થતી નથી. ઈજા પામનારને ઈજા કરવા પાછળનો આરોપીઓનો શું ઉદ્દેશ હતો કે શા કારણથી આરોપીઓએ ઈજા પામનાર ઉપર હુમલો કરેલો તે હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર થતી નથી અને ફરિયાદપક્ષે બનાવનું જે કારણ દર્શાવેલ છે તે હકીકત પણ નિઃશંકપણે પુરવાર થતી નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ બનાવના સ્થળે તુરંત એક રાહદારી પહોંચેલા કે જેઓએ શાહેદ દેવીસિંહને તથા ૧૦૮ વાનને ફોન કરેલો તે વ્યક્તિ જીજ્ઞેશભાઈ પટેલ હોવાનું ખુલેલ તેમ છતાં તે બાબતે ફરિયાદી તથા શાહેદો વિરોધાભાસી પુરાવા આપે છે તેમજ આ આ કામે આ વ્યક્તિનું કોઈ નિવેદન નોંધવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસેલા નથી કે તે બાબતનો કોઈ ખુલાસો રજૂ થયેલ નથી અને આ વ્યક્તિના મહત્વના

પુરાવાને આ કામે શા માટે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તે બાબત શંકા ઉપજાવનારી છે તેમજ બનાવ સ્થળે અન્ય લોકો પણ આવી ગયેલા તેવું રેકર્ડ ઉપર આવેલ છે, પરંતુ તેઓ પૈકી પણ કોઈના નિવેદન નોંધવામાં આવેલા નથી કે આ કામે તપાસેલા નથી કે આજુબાજુના અન્ય કોઈ ઈસમોના નિવેદનો નોંધેલા હોય તેવું જણાતું નથી કે તેઓને આ કામે તપાસેલા નથી. આરોપીઓને બાઈક ઉપર હથિયારો સાથે બનાવવાળા સ્થળ તરફ જતા કે આવતાં કોઈ ઈસમ દ્વારા જોવામાં આવ્યા હોય તેવા કોઈ ઈસમને આ કામે તપાસેલા નથી કે તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આરોપીઓની બનાવ પહેલાં તથા બાદની પણ એવી કોઈ શંકાસ્પદ હીલચાલ કે એવી કોઈ વર્તણૂંક હોય કે જેનાથી આરોપીઓ સામે શંકા જાય તેવો પણ કોઈ નિઃશંક પુરાવો રજૂ નથી. આરોપીઓ ગામના હોવા છતાં બે આરોપીઓને ફરિયાદી તેમની ફરિયાદમાં સ્પષ્ટપણે ઓળખી બતાવતા નથી. ફરિયાદી ઈજા પામનારનું બાઈક કબજે કરવામાં આવેલ નથી કે તેની ચકાસણી કરાવવામાં આવેલ નથી કે બનાવવાળા સ્થળેથી કોઈ નોંધપાત્ર નિશાન મળી આવેલા નથી કે કોઈ ચીજ વસ્તુ મળી આવેલ નથી. તબીબી પુરાવા મુજબની ફ્રેકચરની ગંભીર ઈજાઓ સારવાર માટે દાખલ થયાના દસ દિવસ બાદ જણાયેલ છે અને તે ઈજાઓ બનાવના દિવસે કે ત્યારબાદ થયેલી તે બાબતે શંકા ઉત્પન્ન કરે છે. ફરિયાદીના કપડા કબજે કર્યાના તથા આરોપીઓની શરીરસ્થિતિ તથા હથિયાર કબજે કર્યાના તથા આરોપી જીતુભાઈ અને કિરણભાઈએ રજૂ કરેલ મોટરસાયકલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદો જે તે પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી, ફરી ગયેલા જાહેર થયેલા છે, અન્ય પુરાવાથી પણ તે હકીકતો નિઃશંકપણે

પુરવાર થતી નથી. આરોપીઓ પાસેથી કબજે કરેલ હથિયારો ઉપર કે આરોપીઓના શરીર ઉપર કોઈ નિશાન મળી આવેલ નથી કે કબજે કરેલ બાઈકો ઉપર પણ કોઈ નિશાન મળી આવેલ નથી. કબજે કરેલ બાઈકોના માલીકોને તપાસેલા નથી. આ જ બાઈકો બનાવ વખતે ઉપયોગમાં લેવામાં આવેલા તેવી હકીકત પણ નિઃશંકપણે પુરવાર થતી નથી. ચર્ચા–વિચારણા કરી ફરિયાદ આપવામાં આવેલી છે. શાહેદ દેવીસિંહને બનાવની જાણ થઈ ત્યારે તેઓ પોલીસ સ્ટેશનમાં હતા તેમ છતાં તેઓએ તાત્કાલિક પોલીસને કોઈ જાણ કરી નથી. ફરિયાદી અને શાહેદોના પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસ છે, ત્યારે ફરિયાદી અને શાહેદોનો પુરાવાથી ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળતું હોવાની ફરિયાદપક્ષની દલીલ નિઃશંકપણે માની શકાય તેમ નથી. બનાવ બાદ ઈજા પામનાર સંપૂર્ણ ભાનમાં હોય કે તબીબ સમક્ષ સારવાર માટે ગયા ત્યારે પણ સંપૂર્ણ ભાનમાં હોય અને બનાવની હકીકતો તબીબ કે અન્ય વ્યક્તિને સ્પષ્ટ જણાવી શકે તેવી સ્થિતીમાં હતા કે કેમ તે બાબતે પણ કોઈ સ્પષ્ટ અને શંકારહિત પુરાવો જણાતો નથી. બનાવ વખતે છ આરોપીઓ હતા કે પાંચ હતા તે બાબતે પણ રેકર્ડ ઉપર વિરોધાભાસી પુરાવો આવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબની બનાવવાળી જગ્યા તથા ગુનાવાળી જગ્યાનું પંચનામું અને ગુનાવાળી જગ્યાનો નકશો ધ્યાને લેતાં પણ બનાવની હકીકતમાં શંકા ઉત્પન્ન થાય છે. એફ.એસ.એલ.ના પુરાવાથી પણ આરોપીઓની આ ગુનામાં સંડોવણી હોવાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી તેમજ દેવીસિંહને આ કામના આરોપીઓ અને તેમના ગૃપ સાથે અણબનાવ અને અદાવત હોવાથી અને દેવીસિંહને મનદુઃખ થયેલ હોવાથી ફરિયાદીને અકસ્માતમાં ઈજા

થયેલી તેમ છતાં અકસ્માતને હુમલામાં ખપાવેલ છે અને આરોપીઓ વિરૂધ્ધનો કોઈ ગુનો નિઃશંકપણે પુરવાર થતો નથી તેવી બચાવપક્ષે જે દલીલ કરેલ છે તેને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના વિ. એ.પી.પી. શ્રીએ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોઈ આરોપીઓને સજા કરવા રજૂઆત કરેલી છે, પરંતુ રેકર્ડ ઉપરના તમામ મૌખિત તથા દસ્તાવેજી પુરાવાને તથા હકીકતોને ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધના કોઈ ગુનાની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી ન હોઈ ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર થતો હોઈ સજા કરવાની જે દલીલ કરેલ છે તે ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી.

(૩૪) આરોપીઓ પક્ષે તેમની જે મૌખિક તેમજ લેખિત દલીલો આંકઃ ૬૬ ના અનુસંધાને તેઓની રજૂઆત મુજબ આ કામે જે પુરાવો રજૂ થયેલ છે તે પુરાવા મુજબ ઘણી બધી ક્ષતિઓ અને ખામીઓ પુરાવામાં જણાય છે અને જ્યાં આરોપીઓ સાથે ફરિયાદીને કે ફરિયાદીની સાથે આરોપીઓને કોઈ અદાવત કે કોઈ અણબનાવ ન હતો કે નથી ત્યાં આરોપીઓને ફરિયાદી–ઈજા પામનારને ઈજા પહોંચાડવા માટેનો કોઈ હેતું નથી ત્યારે માત્ર દેવુસિંહ કે જે ફરિયાદીના પિતરાઈ ભાઈ છે અને જેઓ સાથે હાલના બનાવની આગળ એક બનાવ બનેલ છે અને તે બાબતની ફરિયાદ પણ થયેલી અને જેમાં સમાધાન કરવા માટે આરોપીઓ પક્ષે ના પાડતાં તેનું મનદુઃખ થયેલ હોય તેવી શક્યતા નિવારી શકાય નહીં અને એ કારણે બની શકે અને જે પુરાવો છે તેમાં અકસ્માતની તરફેણમાં પણ શક્યતા જતી હોઈ તેવી અકસ્માતના કેસને આવા બનાવમાં રૂપાંતરીત કરવામાં આવેલ હોય આવી ઘણી બધી શંકા આ કેસમાં ઉત્પન્ન થયેલ છે. આ બધી શંકાને લગતા તેઓએ પોતાના

સમર્થનમાં નીચે મુજબના ચુકાદા તરફ આધાર રાખેલ છે.

(૧) **બલદેઓ સીંઘ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ બિહાર એ.આઈ.આર. ૧૯૭૨ પાન નં.૪૬૪** જેના પેરા– ૯ અને ૧૦ માં જણાવ્યા મુજબ,

> "In cases of group rivalries and enmities there is general tendency to rope in as many presons as possible as having partivipated in ad assault. The Court should therefore scrutinize evidence carefully and if there arises any doubt benefit should be given to accused.
>
> In a melee where several peopke give blows to the victim at one and the same time is impossible to particularise the blows. If any withess attempts to do it, his veracity is doubtful."

ઉપર આધાર રાખી જણાવેલ છે કે, આ કેસમાં પણ સોલંકીના ગૃપ અને રાજપૂત યુવા સંઘઠન વચ્ચે મનદુઃખ અને અદાવત ચાલતી આવેલ છે અને આવી અદાવતના કારણે વધારેમાં વધારે માણસોને સંડોવી એકબીજાની સામે આક્ષેપબાજી કરી બનાવ ઉત્પન્ન કરવામાં આવે તેવી વૃત્તિ નકારી શકાય નહીં. આ કામે પણ હાલના આરોપીઓએ ઈજા પામનારને માર મારેલ છે તો અંગે ઈજા પામનાર કોઈ રીતે કોણે તેઓને માર મારેલ છે તેવું જણાવવા પ્રયત્ન કરતા હોય ત્યારે તે ખોટું બોલે છે તેવા સિધ્ધાંત ઉપર આધાર રાખેલ છે.

(૨) આરોપીઓના વિ.વકીલ શ્રીએ **સાધુ રામ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ રાજસ્થાનના, ૨૦૦૩ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૨૩૩૧ (સુપ્રિમકોર્ટ)** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે અને તેમની દલીલ મુજબ એક માત્ર શાહેદ કે જેણે વિશ્વસનિય પુરાવો આપેલ હોય તેવા વિશ્વસનીય પુરાવા ઉપર પણ આધાર રાખી સજા કરી શકાય છે, પરંતુ એ પુરાવો કોઈ પણ પ્રકારના ડાઘથી પરે હોવો જોઈએ. આ કામે જે પુરાવો રજૂ થયેલ છે તે પુરાવો ઘણી બધી જગ્યાએ ખામીયુક્ત છે અને શંકા ઉત્પન્ન કરે તેવો છે જેથી તેવા પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

> "A. Criminal trial– Conviction of an accused can be based solely on the testimony of a solitary witness, but

testimony of such a witness should inspire confidence, should be free of blemish so that it can be acted upon without insisting upon corroboration."

(૩) આરોપીઓના વિ.વકીલ શ્રીએ **જગદીશ પ્રસાદ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઑફ એમ.પી.નો ચુકાદા ૧૯૯૪ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૧૧૦૬ (૧)** ઉપર આધાર રાખેલ છે. સદર ચુકાદાના પેરા– ૬ માં અવલોકન થયા મુજબ,

"**6.** As a general rule, a court can and may act on the testimony of a single witness though uncorroborated proveded the testimony, of that single witness is found out entirely reliable. In that case, there will be no legal impediment for recording a conviction. But if the evidence is open to doubt or suspicion, the court will require sufficient corroboration. In this connection, reference may be made to a decision of this Court in Vadivelu Thevar v. State of Madras, AIR 1957 SC 614 wherein this court has classified the testimony of a witness into three categories viz. (1) wholly reliable (2) wholly unreliable, and (3) neither wholly reliable nor wholly unreliable and observed that though in the first two categories of classification, there may not be any difficulty in coming to a conclusion either accepting or rejecting the testimony but it is the third category of cases that the court has to circumspect and had to look for corroboration in material particulars by reliable testimony either direct or circumstantial."

સદરહુ અવલોકનને લક્ષમાં લેતાં પણ દેખિતી રીતે કોઈ પણ શાહેદની જુબાની સ્પષ્ટપણે આધારભૂત અથવા તો અવિશ્વસનીય હોઈ શકે અને અથવા તો બીલકૂલ અવિશ્વસનીય કે બીલકૂલ આધાર ના કરી શકાય તેવી હોઈ શકે એટલે ત્રીજા પ્રકારના પુરાવામાં કોર્ટે સ્પષ્ટપણે આધાર રાખતા પહેલાં અન્ય સમર્થનકારી પુરાવાને લક્ષમાં લેવો જરૂરી છે.

(૪) આરોપીઓના વિ.વકીલ શ્રીએ **બ્રજબંધુ નાઈક અને બીજા વિરૂધ્ધ સ્ટેટ, ૧૯૭૫ ક્રિમિનલ લૉ જર્નલ પાન નં.૧૯૩૩** ઉપર આધાર રાખી જણાવેલ છે કે,

> “Criminal law premits of no presumption. The evidence must be such that the Court must come to finding that the accused must be the assailants. There is a wide gap between “may” and “must” and unless that gap is bridged, courts cannot jump at a comclusion of “must” from “may” basing on presumption on shaky evidence inconsistent with ordinary human caonduct. “

આ તમામ ચુકાદા ઉપર આધાર રાખી જણાવેલ છે કે, આ કામે જે પુરાવો રજૂ છે તે સ્પષ્ટપણે શંકાથી પર હોય તેવા પ્રકારનો નથી. સમગ્ર પુરાવામાં ઘણી બધી જગ્યાએ શંકા ઉત્પન્ન થાય તેવી સ્થિતી ઉત્પન્ન થયેલ હોઈ આરોપીઓને શંકાનો લાભ આપવાપાત્ર થાય છે.

આરોપીઓ પક્ષે રજૂ થયેલા ચુકાદાઓની હકીકતો લક્ષમાં લેતાં સદરહુ ચુકાદાઓની હકીકતો હાલના કેસની હકીકતથી ભિન્ન છે, પરંતુ જે સિધ્ધાંતો છે તે પુરતાં સિધ્ધાતો લક્ષમાં લેવામાં આવે તો દેખિતી રીતે કોર્ટે તમામ પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે આધારભૂત અને વિશ્વસનિય અને સંપૂર્ણપણે વિશ્વસનિય અને સંપૂર્ણપણે નિર્ધારિત પુરાવાને સુક્ષ્મ રીતે તપાસી નિર્ણય લેવો પડે છે જેથી રજૂ થયેલા ચુકાદાની હકીકતો આ કેસથી ભિન્ન હોવા છતાં રજૂ થયેલા સિધ્ધાંતો શિરોમાન્ય છે.

(૩૫) આમ, આ કામે રેકર્ડ ઉપર રજૂ સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી તથા અન્ય મહત્વના શાહેદોના પુરાવાથી કે રેકર્ડ ઉપર રજૂ અન્ય પુરાવાથી ફરિયાદપક્ષના આ કામના

આરોપીઓ વિરૂધ્ધના તહોમત મુજબ બનાવની તારીખ, સમય અને સ્થળે આરોપીઓએ એકસંપ થઈ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારું સુંદણ ગામે મહાકાલ સેના તથા રાજપૂત યુવા સંગઠન બનેલ અને તે અંગે ગામના દરબારો વચ્ચે મનદુઃખ થયેલ અને રાજ, પરમાર તથા સોલંકીનું ગૃપ થયેલ અને આરોપીઓના માણસોની સામે તા.૪–૬–૨૦૧૭ ના રોજ વાસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જેની રીશ રાખી આરોપીઓએ ફરિયાદીની બાઈકનો પીછો કરેલ હોય કે ફરિયાદી કંથારીયા પેટ્રોલપંપે પોતાની બાઈક નં.જીજે–૨૩–એબી–૧/૪૯૭ નું લઈને જતા હતા તે વખતે કંથારીયા નહેર પાસે બાઈક ઉભું રખાવેલ હોય કે ફરિયાદી ઉપર પાવડાના દસ્તાથી હુમલો કરી માથા, છાતી તથા બરોડના ભાગે ઈજાઓ કરી હિંસા અને બળનો ઉપયોગ કરેલ હોય કે હુલ્લડ કરેલ હોય કે આરોપી નં.૬ એ લાકડાના દસ્તાથી ફરિયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ કરી ખૂન કરવાની કોશિશ કરી હોય તથા અન્ય આરોપીઓએ ફરિયાદીને છાતી, બરોળ તથા પગના ભાગે દસ્તા તથા દંડાથી માર મારી છાતીમાં પાંસળીના ભાગે તથા મણકાના ભાગે ફ્રેકચર કરી સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી હોય તેવું નિઃશંકપણે પુરવાર થતું નથી અને આમ, આ કામે રજૂ થયેલ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, આ કામે તપાસવામાં આવેલા મહત્વના શાહેદોના પુરાવાથી આ કામના આરોપીઓએ બનાવમાં કોઈ ભાગ ભજવ્યો હોય કે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય તેવી ફરિયાદપક્ષની આ કામના આરોપીઓ વિરૂધ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી ત્યારે તેમજ જ્યારે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવામાંથી આરોપીઓને ગુના સાથે સાંકળવા અંગેની બે પ્રકારની

સંભાવનાઓ ઉદ્ભવતી હોય ત્યારે આરોપીઓની નિર્દોષતા તરફ અંગુલીનિર્દેશ કરતી સંભાવના અદાલતે સ્વીકારવી જોઈએ અને ફરિયાદપક્ષે રજૂ કરેલા રેકર્ડ ઉપરના પુરાવામાંથી જ ઉભી થતી શંકાનો લાભ ફરિયાદપક્ષને નહીં, પરંતુ આરોપીઓને મળવાપાત્ર છે તે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતને ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૩૨૫ મુજબનો કોઈ પણ ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ આરોપીઓને આ ગુના સબબ શંકાનો લાભ આપવો ઉચિત જણાય છે જેથી ઉપરોક્ત સમગ્ર ચર્ચાને આધારે મુદ્દા નં.૧–૨ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૩ અંગે નિચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## ॥ હુ ક મ ॥

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૫ (૧) મુજબ આ કામના આરોપી નં.(૧) જીતુભાઈ ડાહ્યાભાઈ પરમાર, (૨) કલ્પેશભાઈ ભરતભાઈ સોલંકી, (૩) કેતનભાઈ ચંદુભાઈ સોલંકી, (૪) કિરણભાઈ શનાભાઈ સોલંકી, (૫) રાજેશ ઉર્ફે રાજુભાઈ રણછોડભાઈ ઉર્ફે ગોતાભાઈ સોલંકી તથા (૬) મેહુલભાઈ મોહનભાઈ સોલંકીને ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૩૦૭, ૩૨૫ સાથે વાંચતા કલમ– ૧૪૯ મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યાના તહોમત સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ– ૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અપીલ સમય પુરો થયા બાદ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી હૉન્ડા નીયો ડ્રીમ મોટરસાયકલ જેનો ચેચીસ નં. ME4JC623AET03584, એન્જીન નં. JC62ET1035878 તેમજ હીરો સ્પ્લેન્ડર પ્લસ–૧ મોટરસાયકલ રજી. નં. જી.જે. ૨૩–એ.એચ.૧૧૭૭ અંગે અગાઉ તેના જે તે

માલીકને પરત સોંપવાનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો તેવો કોઈ હુકમ થયેલ ન હોય તો તેની માલીકીની ખરાઈ કરી જે તે વ્યક્તિને પરત કરવા અને બાકીના બીનકીંમતી મુદ્ધામાલનો અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો અથવા જો અપીલ થયેલ હોય તો અપીલ અદાલત મુદ્ધામાલ અંગે જે હુકમ કરે તે મુજબ તેનો નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખઃ ૧૭ માહેઃ સપ્ટેમ્બર સનેઃ ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૧૭–૦૯–૨૦૧૮.

( **આર.એમ. સરીન** )
સત્ર ન્યાયાધીશ
**આણંદ.**
**(કોડ નં.જી.જે.૦૦૦૯૯)**